# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ–avgohil1@gmail.com
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૧


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફલેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ગોવિંદરૂપે ગુરુજી મળ્યા | પૂ.મા સર્વેશ્વરી | ૩ |
| ગુરુદેવ યોગેશ્વર પ્રભુ | પૂ.મા સર્વેશ્વરી | ૫ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| 'પ્રકાશના પંથે' ગ્રંથની ગરિમા | નારાયણ હ. જાની | ૧૩ |
| પ્રભુનો મંચ–પૂ.મા | પૂર્ણિમા પટેલ<br>હિમાંશુ પાઠક | ૧૮ |
| ગુરુ પૂર્ણિમાનો સાધના ઉત્સવ | સ્વર્ગારોહણ સેવક | ૨૩ |
| Hitesh's Faith in MAA,– proved a miracle | Hitesh Lad | 24 |
| હિતેશની શ્રદ્ધાએ સર્જ્યો ચમત્કાર | મૈત્રેયી ત્રિવેદી | ૨૯ |
| માનવ શરીરની મહત્તા–સમજો | સંતવાણી | ૩૫ |
| પૂ.માની સ્વીઝર્લેન્ડની યાત્રા | મા સર્વેશ્વરી | ૩૮ |
| પ.પૂ.મહારાજ શ્રી રણછોડદાસજીના જીવનના પ્રેરક પ્રસંગો | સંક્ષેપ : પરમાર્થી<br>દમયંતીબેન સેજપાલ | ૪૪ |
| અરૂણાચલની તળેટીમાં | અનુ : શ્રીયોગેશ્વરજી,પોલ બ્રન્ટન | ૪૮ |
| પૂ.માના સાન્નિધ્યમાં– એક અભિનવ પારાયણ | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૫૪ |
| વિવેક જાગે તો | પરમાર્થી | ૫૯ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૦ |

# ગોવિંદ રૂપે ગુરુ

—પૂ.મા સર્વેશ્વરી

*મને ગોવિંદ રૂપે ગુરુજી મળ્યા,*
*જેથી જન્મ મરણના ફેરા ટળ્યા.*

*ગુરુજીએ આપી જ્ઞાનની ગોળી,*
*લીધી મેં તો પ્રેમ ધરી... મને...*

*જ્ઞાનની ગોળીએ ઘેલી કીધી,*
*લોકલાજને મેલી દીધી... મને...*

*સંતની સંગે બની દિવાની,*
*પ્રભુભક્તિની મસ્તી ચઢી... મને...*

*સ્વજનોની સંગત લાગી ખારી,*
*સંગત પ્રભુની બની પ્યારી... મને...*

*સ્વજનોની સંગત સ્નેહે છોડાવી,*
*દિવ્ય દર્શનની ઝાંખી ધરી... મને...*

સાચા સાધકના જીવનપથ પર યોગ્ય દિશાસૂચન માટે ઘણી વાર પ્રભુ માનવરૂપે ગુરુ બનીને આવતા હોય છે. પ્રભુના એ માનવરૂપને ઓળખવું ઘણું કપરું છે. સાધક સફળતાનાં સોપાનો શ્રદ્ધાભક્તિથી ચઢી જાય છે. એ માટે પણ પ્રભુ ઘણી વાર કૃપા કરીને પોતાનું મૂળ સ્વરૂપ પ્રગટ કરી દે છે.

એવી ધન્ય પળો મારા જીવનમાં પણ મને મળી ગઈ.



પૂ.શ્રીના યોગેશ્વરજીમાં ગુરુના રૂપમાં ગુપ્ત રીતે ગોવિંદ બેઠા છે એવી દ્રઢ શ્રદ્ધા એમનાં જ્યારે દિવ્યરૂપે દર્શન થયાં ત્યારે જ મને થઈ. માનવરૂપે પ્રભુના દર્શનથી હું પાવન બનીને ધન્ય બની ગઈ.

પછી તો ગોવિંદરૂપે ગુરુજી મળી ગયાનો પૂર્ણ સંતોષ જીવનમાં પ્રગટ્યો. જન્મમરણની જંજાળમાંથી પણ મુક્તિ મળી. સ્વજનોની સંસારી વાતો, ચિંતા, સમાજની પ્રતિષ્ઠાને પણ નગણ્ય ગણવાની હિંમત પ્રગટી.

ઝામ્બીયાની ધરતી પર સ્વજનોથી છૂટા પડીને શ્રી યોગેશ્વરજી સાથે પ્રચવન પ્રવાસમાં જોડાવાનું બન્યું ત્યારે સ્વજનોએ ક્ષણિક અસંતોષ અનુભવ્યો. પણ પ્રભુની જ સંગત પ્યારી લાગી હોય તેને સ્વજનો ક્યાં સુધી બાંધી શકે? એ સંજોગોમાં અંતરના અંતરતમમાં આ ભાવભરી સ્વરસૃષ્ટિ જાગી ઊઠી.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# ગુરુદેવ યોગેશ્વર પ્રભુ

—પૂ.મા સર્વેશ્વરી

ગુરુદેવ યોગેશ્વર પ્રભુ,
નમું છું સદાયે સ્નેહથી (૨)
મારાં પાપ તાપ નિવારજો,
પ્રભુ વરદ હસ્તો વધાવજો,
આ જીવ શરણે આજ આવ્યો,
અનુગ્રહે ઉદ્ધારજો...(૨) ગુરુદેવ.....

જીવનતણા સઘળા સંબંધો,
આપમાંહી સમાવજો,
અન્યત્ર ક્યાંય ન જાય જોજો,
વાળજો તવ ચરણોમાં...(૨) ગુરુદેવ.....

પ્રિય માતા, તાત, સખા, સ્વજનને,
સ્વામી બનાજો આજથી,
સર્વે સ્વરૂપો આવજો,
સર્વે સંબંધ સ્વીકારજો...(૨) ગુરુદેવ.....

સર્વે દિશાએ પ્રભુ મનો,
આદર થકી અપનાવજો,
શ્રદ્ધા નો ભક્તિભાવ ભરતાં,
પાત્ર પૂર્ણ બનાવજો...(૨) ગુરુદેવ.....

ભક્ત ભગવાનને શરણે જાય છે ત્યારે પોતે કેવો છે તેનું સ્પષ્ટ વર્ણન કરી દે છે. વળી ભગવાનને વિનવે પણ છે. તમે



મારા જીવનના સર્વ સગપણને સ્વીકારજો અને એથી પણ આગળ વધીને ભક્ત કહે છે : મને માનપાન સાથે સંપૂર્ણ રીતે અપવાની લેજો. એ રીતે શિષ્ય—ભક્ત—સાધક ભગવાનને પોતાના માનીને હૃદય ઠાલવતો હોય છે.

શ્રી યોગેશ્વરજી મારા જીવનમાં ગુરુદેવ છે. પણ હવે તે ગુરુદેવ જાણે પ્રગટ પ્રભુ જ છે. સાકાર સ્વરૂપે મારે માટે પધારેલી એ પ્રભુની જ મૂર્તિ છે એવું અનુભવવા મળ્યું છે.

પરિણામે ગુરુદેવ પ્રભુના શ્રી ચરણોમાં જેવો જીવ છે તેવો પણ તેને શ્રદ્ધાથી ભરજો, અપનાવજો, સ્વીકારજો ને અંતે વધાવી લઈ તમારામાં જ સમાવી લેજો એવી પ્રાર્થના આ પદ દ્વારા થઈ.

સુંદર રાગનું એક ભજન લખો એવી એક સાધક બહેનની માંગણીમાંથી અંતરના આ ભાવો આ રીતે અક્ષરદેહે ઊતરી આવ્યા.

ફૂલોમાં જે સ્થાન સુગંધનું છે,
ફળોમાં જે સ્થાન મીઠાશનું છે,
ભોજનમાં જે સ્થાન સ્વાદનું છે,
એવું જ સ્થાન જીવનમાં સદાચારનું છે.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૫ ઓગસ્ટ—૨૦૧૩ અંક ૧૧**

## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**સ્થળ:—વડોદરા, ૫૫, અરૂણોદય સોસાયટી, અલ્કાપૂરી.**

**બુધવાર તા.૨૬/૫/૮૨**

નાથદ્વારા (શ્રીનાથજી) કોઠારી અતિથી શાળાથી પ્રસ્થાન.

સવારે પોણાસાત વાગ્યે શ્રીનાથજી મંદિરનાં દર્શન કર્યાં, ખૂબ ભીડ હતી. દૂરથી શ્રીનાથજીની શ્યામરંગી મૂર્તિનાં દર્શન કર્યાં. વળી બેનોને દર્શન કરવાની અલગ આગળની જગ્યાએથી પણ દર્શન કર્યાં. સ્મૃતિરૂપે અહીંથી શ્રીનાથજીની છબી કાપડ ઉપરની લીધી.

શ્રીનાથજીથી અજમેર બપોરે ૧૧ વાગ્યે આવ્યાં, માર્ગમાં ૧૦૦ માળા પૂર્ણ કરી, થોડી વાતો થઇ. અજમેરમાં આઇસક્રીમ લીધો. સવાબાર વાગ્યે ૩૧ કિલોમીટર કિસનગઢ નામના શહેરમાં અજમેરથી આવી ગયાં. કિસનગઢમાં સરકારી વિશ્રામગૃહમાં આરામ કર્યો. આરામના એ સમયે આજે બપોરના ભોજનને બદલે ચેવડો, ગાંઠીયા, કેરી વગેરે લઇને નાસ્તો જ સૌએ કર્યો. એક વાગ્યે તો પૂ.શ્રીએ પોતાની કલમ હાથમાં લીધી. વિશ્રામગૃહમાં એક જ ઓરડો મળ્યો છતાં પૂ.શ્રી



લેખનકાર્ય માટે બેઠા. સવારે શ્રીનાથજીથી નીકળતાં પહેલાં પણ એક કલાક લેખનકાર્ય કર્યું હતું.

સર્વેશ્વરીએ પણ હળવો નાસ્તો લઇ, નોંધ કરી લીધી. શ્રીનાથજીથી અજમેર પહોંચ્યો. ઉનાળાના લીધે વૃક્ષની કોઇ છાયા કે હરિયાળી જોવા ન મળી. વેરાનભૂમિ ને પથ્થરો જ પથ્થરો. વળી માર્ગ પણ ઘણો સરસ ન હતો. જયાં ત્યાં સમારકામ જ ચાલું હતું.

શ્રી હરિભાઇ ડ્રાયવરને લીધે આ બીજા દિવસનો વિશ્રામ ગવર્મેન્ટ વિશ્રામગૃહમાં જ થયો. બપોરે બે વાગ્યા છે. પૂ.શ્રી પલંગ ઉપર ગાડીની સીટનાં આસન નાંખી લેખનમાં મગ્ન બની બેઠા છે. પંખો ચાલી રહ્યો છે. જેથી ગરમી ખાસ જણાતી નથી. સર્વેશ્વરી પાસેના ટેબલ ઉપર નોંધ લખી રહ્યાં છે.

સાડા ત્રણ થતાં જ વરસતા વરસાદમાં ગાડીમાં બેસી જયપૂર આવવા નીકળ્યાં. સાંજે ૫.૩૦ કલાકે જયપૂર આવી ગયાં. કિસનગઢથી નીકળતાં પૂ.શ્રીએ દૂધ લીધું. જયપૂરમાં એલ.એમ.બી. નામની આલિશાન હોટલમાં રૂ.૧૬૦નું એક ઓરડાનું ભાડું એવી જગ્યાએ ઉતારો કર્યો.

જયપૂરમાં સારામાં સારી ને વેજીટેરીયન હોટલમાં આ નામ જાણીતું હતું. બીજે માળે ૧૮ નંબરના ઓરડામાં આરામ માટે એક દિવસ રહેવાનું બન્યું.

રાત્રે પૂ.શ્રીએ રસમલાઇ દૂધ વગેરે લીધું. સાત વાગ્યે ઉતારા ઉપર પૂ.શ્રીએ સ્નાન કરી લેખનકાર્ય શરૂ કરી દીધું.

રાત્રે એરકન્ડીશનને લીધે ઠંડક સારી હતી. પૂ.શ્રી દરરોજની જેમ રાત્રે સ્નાન કરવા બાથરૂમમાં જાય છે. સાબુ માંગે છે. સર્વેશ્વરી ખૂબ આગ્રહ કરી કપડાં ધોવાની સેવા માંગે છે. પૂ.શ્રી એટલા જ મક્કમ રહે છે. પરિણામે પરમશક્તિનો નિર્ણય

માંગવામાં આવે છે. પૂ.શ્રીને જ ધોતીયું ધોવાની સૂચના મળે છે. સર્વેશ્વરી પૂ.શ્રીની બંડી ને રૂમાલ ધૂએ, એવી સૂચના મળે છે. પરિણામે પૂ.શ્રી ધોતીયું ધૂએ છે.

સર્વેશ્વરી પૂ.શ્રીને દૂધ ને મીઠાઇ મળે તે માટે બહાર જાય છે. ત્યાંથી આવી ૯.૩૦ વાગ્યે સ્નાન કપડાં ધોવાનું કામ શરૂ કરે છે. પૂ.શ્રી કહે છે કે જગદંબા જે કહે તેમાં કલ્યાણ જ હોય છે. તમે થોડાં મોટાં કપડાં ધોવા માટે છો? તે પરમશક્તિએ જાણીને જ સૂચના આપી હતી.

**૨૭/૫/૮૨ ગુરુવાર જેઠ સુદ પાંચમ**

**જયપૂરથી મુઝફરનગર**

સવારે જયપૂરથી નીકળી દિલ્હી ૨૬૨ કિલોમીટરના સારા પ્રમાણમાં કહી શકાય તેવા માર્ગે બપોરે ૧ વાગ્યે આવી ગયાં.

માર્ગમાં શ્રી હીરાભાઇ પૂ.શ્રીને પૂછે છે. પ્રભુ પવન આવે છે? પૂ.શ્રી કહે છે. પવન તો ખાસ આવતો નથી, પણ ભગવાનનો કૃપાપવન મળ્યા જ કરે છે.

શ્રી હીરાભાઇ માર્ગમાં જ્યાં ત્યાં જે મળે તેને કંઇ પૂછે તો વારંવાર હાથ જોડે છે. પૂ.શ્રી એ અંગે તેમને કહ્યું : સંતોને, મંદિરોમાં, વડીલોને આગળ પડીને પ્રણામ કરો, જેને તેને હાથ જોડવાથી લોકો ખોટો અર્થ પણ કરે.

આજે સવારે પણ પૂ.શ્રીએ નિયમિત લેખનકાર્ય કર્યું.

દિલ્હીમાં કનાટપ્લેસ નામના સ્થાને ગયા ત્યાં સૌએ નાસ્તો કર્યો. પૂ.શ્રીએ માર્ગમાં દૂધ લીધું. ત્યારે વીટામીનની ટીકડી પણ દરરોજની જેમ લેતા કહ્યું : ''મને કોઇ રોગ નથી. આ તો વીટામીનની ટીકડી છે. એનાથી સારું રહે છે. ભવરોગ મટાડનારને કોઇ રોગ હોય જ નહીં.''



નાસ્તો વગેરે કરી રાજઘાટ જવાનો માર્ગ એક—બે વ્યક્તિને પૂછતાં પૂછતાં નીકળ્યાં. ત્યાં તો એક સ્કૂટરવાળા ભાઇએ ખાસ અમારી ગાડી પાસે આવીને પોતાનું વાહન ઉભું રાખ્યું. પૂછ્યું, અમે જણાવ્યું. તે ભાઇ કહેવા લાગ્યા. મારી પાછળ જ આવવા દો. અને તે ભાઇએ સ્કૂટર ચાલુ કર્યું. એની પાછળ જ અમારી ગાડી ચાલી ને જોતજોતામાં રાજઘાટ આવી પણ ગયો. તે ભાઇ તદ્દન પાસે અમને મૂકીને વિદાય થઇ ગયા.

પૂ.શ્રીએ કહ્યું, આનું નામ પ્રભુની કૃપા! રાષ્ટ્રના ઋષિ આવી રહ્યા છે. જેથી કોઇ દેવદૂત પ્રભુએ મોકલ્યો. આપણે ખાસ કોઇને પૂછવું ના પડ્યું. નહીંતર હજી ચારપાંચ વ્યક્તિને પૂછતાં આવવું પડ્યું હોત. પ્રભુ કેવી સરળતા કરી આપે છે!

રાજઘાટના સ્થાનમાં જવાનું બન્યું. ત્યાં જમીન ત્રણ વાગ્યે પણ ખૂબ ગરમ હતી. તે પથ્થરના માર્ગે લાકડાના પાટીયાં મૂકાયાં હતાં. તે પણ ખૂબ ગરમ હતાં.

પૂ.શ્રીએ કહ્યું, વ્યવસ્થાપકો જરા વિચારે ને બપોરે ૧૦ થી શરૂ થતા તાપને લક્ષમાં લઇ અહીં મુલાકાતીઓને ચાલવા માટે ઘાસની જ લોન ઉગાડે તો કેવું સારું!

રાજઘાટની બહાર જે મેદાન છે. ત્યાં જ પૂ.શ્રીએ એક કલાક લેખનકાર્ય શરૂ કર્યું. આજે બપોરનો આરામ પૂ.શ્રીએ જતો કર્યો છે.

સમાજનું કામ પૂ.શ્રી ખૂબ જરૂરી માને છે. વાતોમાં કહે છે, ભગવાન માટે પણ એક કલાક કાઢવો જરૂરી છે. અને એથી જ નિયમિત લેખનકાર્ય યાત્રામાં પણ કરે જ છે. તો યાત્રામાં વ્યાયામ પણ નિયમિત. નિયમિત ૧૦૦ માળા. નિયમિત સાંજની પોણો કલાકની પ્રાર્થના. બધું જ નિયમિત.

આજે દરરોજ જેમ ત્રણ દોહા સુધીનું અનુવાદ કાર્ય રાજઘાટ દિલ્હીમાં થઇ ગયું. જેથી આજે દિલ્હીથી સાંજે ચાર વાગ્યે નીકળ્યા ત્યારે શાંતિ હતી.

માર્ગમાં ખટોલી શહેર આવ્યું. ગાડીને નાનકડું રીપેરીંગ થયું. ત્યાં પૂ.શ્રીએ સાંજનું દૂધ લઇ લીધું. સાથેના સૌ ભાઇઓએ પણ દૂધ વગેરે લીધું.

આજે શ્રી હીરાભાઈની હરિદ્વાર પહોંચવાની ઈચ્છા હતી તે વારંવાર વ્યક્ત પણ થતી હતી, પણ પૂ.શ્રી એ બાબતમાં એવું કહેતા હતા. ક્યાં જવું છે, બદરીકેદાર? જુઓ પ્રભુ જ્યાં ને જેટલે લઇ જાય ત્યાં ને તેટલે જવું. હરિદ્વાર પહોંચવાની શી ઉતાવળે છે?

અને સાચે જ ખટોલીમાં થોડો સમય બગડતાં આઠ વાગ્યે મુઝફરનગર આવી પહોંચ્યા. અહીં જ રહી જવાનું નક્કી થયું. જેથી ગવર્મેન્ટ રેસ્ટ હાઉસમાં તપાસ કરતાં જગ્યા મળી ગઇ.

પૂ.શ્રીએ સ્નાન કરી લીધું. આજે બપોરે આરામ મળ્યો ન હતો. જેથી પૂ.શ્રીએ સ્નાન કરી આરામ કર્યો.

ગુરુવાર હોવાથી ભોજન લેવાનું ન હતું. સવારે ગાડીમાં બેસતાં જ સાંઇબાબાની સ્તુતિ ગાવામાં આવી હતી.

આજે પૂ.શ્રીએ સાંજે કહ્યું. વડોદરાથી આવનાર ભાઇબેનો આપણને કનખલ જતાં મળી જશે. તે સૌને દિલ્હી બતાવ્યું હોત તો સારું. ઘણાંએ તે ન જોયું હોય. ઉતાવળ ન કરે તો સારું.

થોડી વાતો બાદ પૂ.શ્રીએ આરામ કર્યો. આજે શ્રી હીરાભાઇને ચા છોડવા માટે પૂ.શ્રીએ થોડીવાર વાત કરી. પરંતુ હીરાભાઇની એ ટેવ છૂટતી નથી. જેથી તેઓ દરરોજની જેમ આજે પણ બે–ત્રણ વાર ચા પીએ છે.



કોઈપણ વ્યક્તિના નાનકડા વ્યસન માટે પણ પૂ.શ્રી સુધાર ઈચ્છે છે. વડોદરા શ્રી જીતુભાઈને ત્યાં ભગવાન નામનો નોકર રહે. તેને બીડી છોડવી હતી પણ છૂટતી ન હતી. પૂ.શ્રીએ એ વાત જાણી એટલે સાકરની થોડી ટુકડી આપી કહ્યું–જ્યારે બીડીની ઈચ્છા થાય ત્યારે સાકર લેવી અને ભગવાનનું મનોબળ ને પ્રભુની કૃપા તો તેનું એ વ્યસન કાયમ માટે છૂટી ગયું.

જેને છોડવું છે તેનું મનોબળ પણ જરૂરી છે. એવું પૂ.શ્રી માને છે. પૂ.શ્રીએ કેનેડામાં પણ, ઈંગ્લેંડમાં પણ વ્યસનો છોડાવ્યાં.

મુઝફરનગરના રેસ્ટહાઉસમાં આરામ કર્યો.

(ક્રમશઃ)

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# પ્રકાશના પંથે—ગ્રંથની ગરિમા

**—નારાયણ હ. જાની**

આ એક અનોખું પુસ્તક છે. આત્મકથાઓની શ્રેણીમાં પણ. તેમાં એક મહાપુરુષે પોતાની લગન, પ્રબળ પુરુષાર્થ અને જાગૃત્તિપૂર્વક સાધના કરીને જીવનનું સર્વોત્તમ લક્ષ્ય—ઈશ્વરદર્શન કે પ્રભુપ્રાપ્તિ શી રીતે કરી, તેનો કડીબદ્ધ ઈતિહાસ છે. પૂ.શ્રીયોગેશ્વરજી અભ્યાસકાળથીજ પોતાની રોજનીશી લખતા. તેમાં તેઓના રોજબરોજના જીવનમાં સાધનાક્ષેત્રે જે કોઈ ઘટનાઓ ઘટતી તેની ખૂબ તટસ્થતા અને ચોકસાઈપૂર્વક નોંધ કરતા. આવી વર્ષો સુધીની એકધારી નોંધો આ આત્મકથાના પાયામાં પડેલી છે. મને લાગે છે કે આધ્યાત્મિક ક્ષેત્રે પણ કોઈ મહાપુરુષે પોતાની વિકાસ યાત્રાની આવી નોંધો ભાગ્યે જ રાખી હશે.

એથી આ આત્મકથા કોઈ કપોલકલ્પિત કે અતિશયોક્તિ વિધાનોવાળી કથા નથી. તે ધન, કીર્તિ કે પૂજાવાની ભાવનાથી લખાયેલો ગ્રંથ નથી. તે એક આધ્યાત્મિક દસ્તાવેજ છે. A Documentation of Spirituality–છે. બીજાઓને પ્રકાશના પંથે જવાની પ્રેરણા પૂરી પાડે—તેવી પરોપકારી બુદ્ધિથી લખાયેલો આ ગ્રંથ છે. પૂ.શ્રીએ તેમાં પોતાની આધ્યાત્મિક અનુભૂતિઓનું આલેખન ખૂબ તટસ્થતાપૂર્વક કર્યું છે.

આત્મકથા લખવા પાછળના હેતુઓ વિવિધ હોઈ શકે છે. લેખક જે રંગે રંગાયેલો હોય, તે ક્ષેત્રમાં તેની અનુભૂતિ કે ઉપલબ્ધિ તે વર્ણવે. આ માટે સૌથી મશહૂર આત્મકથા પ.પૂ. મહાત્મા ગાંધીજીની છે. 'સત્યના પ્રયોગો'.



પરંતુ તેમાં પૂ.ગાંધીજીએ રાજકીય કે સામાજીક ક્ષેત્રે પણ સત્ય આધારિત આંદોલનો દ્વારા ક્રાન્તિ લાવી શકાય છે—તેના ઉપર વિશેષ ભાર મૂક્યો છે તેના પાયામાં પણ સત્ય છે, કિન્તુ તે આત્મકથા લખવા પાછળ વ્યક્તિના આધ્યાત્મિક વિકાસની ભાવના કે ઉદ્દેશ્ય સિવાય—બીજા હેતુઓ પ્રધાન પણે છે. તેથી તેનું મૂલ્ય તત્કાલિન સમાજને વધુ સ્પર્શે એવું છે, જો કે તેના કેટલાક મૂળભૂત સિદ્ધાંતો સત્ય અને અહિંસા પર આધારિત હોવાથી—તેનું આંશિક સનાતન મૂલ્ય છે. છતાં તે કોઈ ફક્ત આધ્યાત્મિક ગ્રંથ નથી. એમાં વ્યક્તિ અને સમાજના વિવિધક્ષેત્રોની—આધ્યાત્મિક વિકાસની સાથે બીજી વિશેષ વાતો પણ વણાયેલી છે.

રહસ્યવાદી અગમ નિગમના ઉપાસક શ્રી મણિભાઈ નભુભાઈ દ્વિવેદીએ પણ પોતાની આત્મકથા લખી છે, જે હાલ અપ્રાપ્ય છે. તેમાં તેઓની પોતાની કેટલીક આશ્ચર્ય પમાડે તેવી વાતો કે અનુભૂતિઓ તેઓશ્રીએ નોંધી છે. એવું અમે સાંભળ્યું છે. તે એક આધ્યાત્મિક ગ્રંથ છે, તેમાં અધ્યાત્મક્ષેત્રે પ્રગતિ કરતાં સિદ્ધિઓ કેવી મળે છે તેની વાતો પણ લખી છે.

લોકસેવક શ્રીઈન્દુલાલ યાજ્ઞિકે પણ પોતાની આત્મકથા લખી છે, જેનો વિષય—ને હેતુ આધ્યાત્મિક સિવાયનો છે. જેને તે વખતના સમાજના પ્રશ્નો સાથે વિશેષ સંબંધ છે. આ બધાથી તદ્દન જુદી એવી આત્મકથા પ.પૂ.યોગેશ્વરજી—અમારા ગુરુદેવની છે, જેનો એક માત્ર હેતુ મનુષ્યને સંસારચક્રમાંથી મુક્ત કરાવવાનો—પરમની પ્રાપ્તિનો માર્ગ ચીંધવાનો છે. તેમાં વીસમી સદીના માનવોની મુક્તિની જ વાત નથી, તેમાં તો છે કોઈપણ દેશ અને કાળના સીમાડાઓથી પર—એવી સનાતન

આધ્યાત્મિકતાને સ્પર્શતી વાતો—જે માનવ માત્રનો અધિકાર છે. સ્વામી વિવેકાનંદની પેલી ઉક્તિ Every Soul is potentially Divine and the purpose of human life is to realise it. દરેક મનુષ્યમાં છૂપાયેલી દિવ્યતા છે ને મનુષ્યજીવનનો જો કોઇ હેતુ હોય તો છૂપાયેલી દિવ્યતાને અનુભવી તે છે. પૂ.શ્રીની આત્મકથા આ મનુષ્યદેહમાં છૂપાઇ રહેલી દિવ્યતા કેમ બહાર આવે કે અનુભવાય—તેનો માર્ગ ચીંધે છે. તેથી તેનું મૂલ્ય સનાતન છે. ગીતા કે ઉપનિષદની જેમ—અધ્યાત્મનો પ્રવાસીને—તે માર્ગ ચીંધ્યા કરશે. પૂ.ગુરુદેવનો તે અક્ષર દેહ છે. કદી ક્ષય ના પામે તેવો દેહ છે. જે કોઇ વ્યક્તિ એની પાસે જે કોઇ ભાવે જાશે, તેને તેવું ફળ મળશે. તેની બીજી વિશેષતા એ છે કે તે બધા જ આધ્યાત્મિક માર્ગોના સમન્વયનો ગ્રંથ છે. તેમાં કેવળ શુષ્ક જ્ઞાન નથી. ભક્તિનો પૂટ પામેલું જ્ઞાન છે. તો જ્ઞાન કે વિચાર વગરની વેવલી ભક્તિ નથી. તેમાં પાતંજલનો યોગ છે તો ભગવાન કૃષ્ણનો કર્મ યોગ છે. આ બધા જ ધર્મના મૂળભૂત તત્ત્વો તેમાં એવી રીતે સંમિશ્રિત થયાં છે—જેમ દૂધમાં સાકર ભળી જાય તેમ.

પૂ.શ્રીની આત્મકથાની વિશેષતા એ છે કે તેઓ સરસ લેખક અને કવિ પણ છે એથી તેઓશ્રીની આ આત્મકથા સાહિત્યરસિકો માટે પણ એક સારો સાહિત્યીક ગ્રંથ છે. ઉત્તમકોટિના ભાષા પ્રયોગો, કુદરતી સૌંદર્યનાં સરસ વર્ણનો, મનુષ્યના ભાવોની સુંદર અને સરસ છણાવટ ઉપરાંત ભક્તિભાવની અભિવ્યક્તિ કરતી પ્રાર્થનાઓ પણ એમાં છે.

આ ઉપરાંત બીજી પણ એક મહત્ત્વની વાત છે કે પૂ.શ્રી રાષ્ટ્રપ્રેમી હોવા છતાં વિશ્વમાનવ છે. કેવળ આધ્યાત્મિક સાધના



એમના માટે સ્વાન્તઃ સુખાય બનીને રહી નથી ગઇ સમાધિ સાધી પરમાત્મામાં વિલીન થઇ જવાની વાત તેમને મંજુર નથી, તેઓ એક માનવતાવાદી—સમગ્ર દુનિયાના માનવો સુખ અને શાંતિ પામે, તે માટે સતત પ્રાર્થના કરતા વિશ્વમાનવ છે. પ્રભુની પરમશક્તિની પ્રત્યક્ષ ચેતના પામ્યા છતાં—તેઓ ભૌતિકવાદી માનવોની સમસ્યાઓને ભૂલ્યા નથી. ભૂખ, ગરીબાઇ, અજ્ઞાનતા, વહેમો, અસ્વસ્થતા, સામાજીક કુરિવાજો, તો તીર્થોમાં અને ધર્મોમાં પ્રવર્તતી બદીઓથી પણ તેઓ વાકેફ છે એટલું જ નહીં, પરંતુ તે દૂર કરવા શું કરવું જોઇએ. તેના વિચારશીલ ઉપાયો પણ સૂચવ્યા છે. એટલે આ આત્મકથાનું મૂલ્ય આધ્યાત્મિક વ્યક્તિઓને મન તો હોય, પરંતુ તે ઉપરાંત સાહિત્યરસિકો ને સમાજસેવકો માટે પણ એટલું જ મૂલ્યવાન છે.

ધાર્મિક પરંપરાઓ પ્રત્યે આદર ધરાવતા હોવા છતાં તેઓ તેમાં બંધાયા નથી. સંસાર ત્યાગનું સૂચક ભગવું વસ્ત્ર તેમણે ધારણ કર્યું નથી. તેઓએ હંમેશ શ્વેતવસ્ત્ર—અને તે પણ ખાદીનું—પહેરવાનો આગ્રહ સેવ્યો છે. વસ્ત્ર બદલવા કરતાં મન બદલવા પર તેમણે વિશેષ ભાર મૂક્યો છે. કારણ નિર્વિકાર મનજ પ્રભુ પંથે જવામાં ઉપયોગી છે—વસ્ત્ર કરતાં પણ. આ વાત તેઓએ ભારપૂર્વક કહી છે. આચરી બતાવી છે.

દુનિયાની હરેક સ્ત્રીમાં મા જગદંબાનો પ્રકાશ નિહાળતા આ સંતપુરુષે કદી પણ સ્ત્રીને—પ્રારંભિક અવસ્થા સિવાય—આધ્યાત્મિક માર્ગમાં બાધક માની નથી. તેથી તેઓ પોતાની વિધવા માતાને—સાધનાકાળ દરમ્યાન અને તે પછી પણ—૩૨ વર્ષ સુધી સાથે રાખી શક્યા. એટલું જ નહીં પરંતુ એ માતાની

સર્વોત્તમ સેવા કરીને—માતૃભક્ત મહાત્માનું બીરુદ પામ્યા. આ ઘણી મોટી વાત છે. ધર્મના કેટલાંક ગ્રંથોમાં—તેમજ સંપ્રદાયોમાં સ્ત્રીની જે નિંદા કરવામાં આવી છે, તેને બદલે આ મહાપુરુષે દરેક સ્ત્રીને મા જગદંબાનું સ્વરૂપ માની તેમની વંદના કરી છે એ રીતે એક નવી પરિપાટી પ્રસ્થાપિત કરી.

સ્ત્રી પ્રત્યેના વાસનાશીલ દૃષ્ટિકોણને તેઓએ આદર અને પૂજ્યભાવમાં પરિવર્તીત કરી, સમાજની મોટી સેવા કરી છે.

છેલ્લે મહત્ત્વની વાત ગુરુ વિના જ્ઞાન નહીં, ગતિ નહીં. એ વિધાનને વખોડ્યા સિવાય પૂ.શ્રી યોગેશ્વરજીએ, કોઈપણ ભૌતિક ગુરુની સહાય વગર એકલે હાથે જે આધ્યાત્મિક ખેડાણ કર્યું, તે વિરલ છે. શરૂથી જ પ્રભુને મા જગદંબા સ્વરૂપે સ્વીકારીને હૃદયની ઉત્કટ પ્રાર્થનાઓના અર્ઘ્ય ધરીને, પરંપરાગત શાસ્ત્રીય વિધિવિધાનો ને પૂજનોની સહાય લીધા વગર—મા જગદંબાનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં. તેમનો સ્પર્શ પામ્યા, વાતો કરી ને અહર્નિશ સાન્નિધ્યની અદ્‌ભુત સિદ્ધિ પ્રાપ્ત કરી. ત્યાં પણ ના અટકી—એ પરમશક્તિને પ્રકટ સ્વરૂપે પોતા સાથે રહેવા બાધિત કરી. દુનિયાના આધ્યાત્મિ ઇતિહાસમાં એક નવું જ સીમાચિહ્ન Landmark સર્જ્યું—તે તો અદ્‌ભુતોથી પણ અદ્‌ભુત છે. એ સાકાર સ્વરૂપે આપણી સમક્ષ આજે પૂ.મા સ્વરૂપે ઉપસ્થિત છે—મા શ્રી સર્વેશ્વરી એ શું જેવું તેવું સદ્‌ભાગ્ય છે! પણ કોણ સમજી શકે એ મહાપુરુષની આ અતિ ઉચ્ચતમ—અનુભૂતિને—અને એના પ્રાકૃટ્યને! જય હો એ ગુરુદેવની અને જય હો માતા જ્યોર્તિમયી ને મા સર્વેશ્વરીની.



# પ્રભુનો મંચ—પૂ.મા

‘પ્રભુનો મંચ—પૂ.મા’ આ વિષય ઉપર લગભગ ૩૦૦ શબ્દોમાં પૂ.મા સર્વેશ્વરી ઉપર લખવા માટે શ્રી બિજલ ભટ્ટ, પૂજા ત્રિવેદી, બેન રક્ષિતા તથા બેન જયુ વગેરેએ યોગેશ્વર પરિવારના ભારતના સભ્યોને આમંત્રણ આપેલું. આના અનુસંધાનમાં ગયા જુલાઇ, ૧૩ના અંકમાં પ્રો. શ્રી તરલાબેન દેસાઇ, શ્રી નારાયણભાઇ અને પ્રગતિ જાનીના ત્રણ લેખો છપાયેલ છે. કુલ જે લેખો મળેલા તેમાંના બીજા બેનો આ અંકમાં સ્થાન આપવામાં આવ્યું છે. એ પાછળનો આશય એટલો જ છે કે પૂ.યોગેશ્વરજીની ભૌતિક વિદાય પછી પૂ.માએ સેવા, સાધના, (તપ અને જપ) સ્વર્ગારોહણ સર્જન અને સાધકોને દોરવણીના ક્ષેત્રે અદ્‌ભુત કામગીરી કરી છે, તે અંગેના સાધકોના પ્રતિભાવો અક્ષરદેહ પામે.

એ સાચું છે કે ઘણા બધા સાધકોને ભાવ હોય પણ ભણતરનો અભાવ ને લેખનનો મહાવરો ના હોય, તો કેટલાકમાં બધી આવડત ને ભણતર હોવા છતાં સમયના અભાવે અગર પ્રમાદને લીધે તેઓથી આ સંબંધે કાંઇ થઇ શક્યું ના હોય. છતાં જેઓએ જેવી આવડી એવી કલમ ચલાવી પૂ.મા અંગે પોતાનો પ્રતિભાવ આપ્યો છે, તેઓ સાચે જ અભિનંદનનાં અધિકારી છે, તેઓમાંથી મોટાભાગના લખાણોની પ્રસિદ્ધિ અધ્યાત્મમાં કરવા અમે પ્રયત્ન કરીશું.

—તંત્રી

★

## પૂ.માનું સમગ્ર અસ્તિત્વ—અમ બાળકો માટે

**—પૂર્ણિમા પટેલ**

પરમ પૂજ્ય યોગેશ્વરજીએ પોતાના સમગ્ર જીવન—દરમ્યાન શ્રી જગદંબા માની આરાધના કરી તેજ જગદંબા માને પોતાની સાથે સ્થૂળ સ્વરૂપે રહેવા બાધ્ય કર્યાં; એ જ જગતજનની જગદંબા સ્વયં આપણા મા રૂપે સર્વ સામાન્ય રૂપ ધરીને બાળકોની વચ્ચે વિહરી રહ્યાં છે. પ્રભુની કરુણા, પ્રભુનો પવિત્ર પ્રેમ, પ્રભુની તપશ્ચર્યા, પ્રભુની સ્વાભાવિક પ્રસન્નતા; અરે! પ્રભુની સ્વચ્છતા ને પવિત્રતા, પ્રભુની પ્રભુપરાયણતા, પ્રભુની શાંતિ, પ્રભુની ક્ષમા એ બધાએ જાણે પૂ.માનું રૂપ ધારણ કર્યું છે; પ્રભુની પ્રભુતા ને પ્રભુનો જે મહિમા છે તે માના સ્વરૂપે આપણાં સૌ વચ્ચે; સૌને સુલભ બનીને સૌને પોતાના કરી; સૌ બાળકોના જીવનમાં પ્રવેશી ગયો છે.

પૂ.શ્રીના સ્વભાવમાં સમાજનું, જગતનું ઓછામાં ઓછું લઈને આ સમગ્ર સૃષ્ટિના બાળકોને વધુમાં વધુ આપવું; જેથી નિયમિત લેખનથી પુસ્તકો, પ્રવચનો, પ્રશ્નોત્તરીની બેઠકો અને વ્યક્તિગત મુલાકાત આપી અનેક શરણાગત ભક્તોનાં જીવનને એમણે શણગાર્યું છે; તો જાણે પ્રભુ મા રૂપે એજ કાર્ય કરી રહ્યા છે. બાળકોના કલ્યાણ માટે મા રૂપ ધારણ કરી પોતે પોતાની જાતને ઘસીને ઊજળી કરી રહ્યા છે. મા સ્વયં મૌન રહીને પોતાના સમગ્ર જીવનને જ જગતના મંચ ઉપર ઉપદેશ રૂપે ખુલ્લું મૂક્યું છે. પ્રભુના પ્રગટ સ્વરૂપ માને જોતાં અંતર ઠરી જાય છે. એક હાશ! નિરાંત, વિશ્રામ, શાંતિનો સહજ અનુભવ થાય છે, પૂ.માના દર્શનથી, સ્મરણથી, સંનિધિથી આખા



જીવનની કાયાપલટ થઈ જાય છે, મા જ મારા પ્રગટ પ્રભુ છે, તે ક્ષણમાત્રમાં સૌને પોતાના કરી લે છે. પ્રભુનો જ પરમ પવિત્ર પ્રેમ મા રૂપે મૂર્ત થઇ સૌ બાળકો પર વાત્સલ્ય વરસાવીને સૌને પોતાના બનાવી દે છે.

માના સંગે, માનાં સાન્નિધ્યે અમે સૌ પ્રાર્થના, પ્રણામ, સત્કર્મ કરતાં અને સાચા અર્થમાં પ્રભુના શરણે જતાં શીખ્યા છીએ. પૂ.મા જે પ્રભુનું જ સંપૂર્ણ સામર્થ્ય છે છતાં પોતાને પૂ.શ્રીના ચરણરજ સમજી નમ્રાતિનમ્ર બની, બાળસહજ રહી સૌમાં ભળી સૌથી અલિપ્ત રહી સૌનું વાસ્તવિક કલ્યાણ કરી રહ્યાં છે. પ્રણામ સ્વયં કરી અમને સૌને કરાવી, નિર્જળાવ્રત કરાવી અમને શુદ્ધ કરી રહ્યાં છે.

પૂ.મા—પ્રભુની કૃપા અમારા અંતરમાં ઠરે, તે માટે અમારા અંતરને અજવાળી રહ્યાં છે. પૂ.માના શ્રી ચરણે શ્રી લક્ષ્મીદેવી આવે તેને અલિપ્તભાવે જ્યાં જેવી જરૂર હોય ત્યાં વધુ આપી, સારામાં સારું આપી, ઉદારતાના પાઠ ભણાવી રહ્યાં છે. નિયમિત રીતે પૂ.મા પોતાની રોજનીશીમાં પ્રભુને કરેલી પ્રાર્થનાઓ દ્વારા અમારા જીવનમાં ઉપયોગી બધીજ વાતો, અમારા સૌ બાળકોના સર્વાંગી વિકાસ માટે મા સતત લખતાં રહે છે.

યોગતીર્થ એ પૂ.માના પ્રેમનું મૂર્ત સ્વરૂપ છે; પૂ.શ્રીના નખ, વાળ અરે! ઝીણામાં ઝીણી વસ્તુને પૂ.માએ ખૂબ પૂજ્યભાવથી સંગ્રહીત કરી છે, તો પૂ.મા પૂ.શ્રી ને રોમરોમથી પી ગયાં છે. પૂ.મા અમને એવી સમજ આપે છે કે ‘‘આપણે તો અધ્યાત્મ જગતમાં ઝળહળવાનું છે.’’

પૂ.મા સન્માનથી હંમેશા અલિપ્ત રહ્યાં છે અને અમને સૌને રાખે છે. પ્રભુના પ્રગટ સ્વરૂપ એવા મા માટે પૂ.શ્રી લખે છે :

**"તમે કરુણાળું છો સૌથી; વળી છો પ્રેમની મૂર્તિ;**
**તમારા વિના કો દેશે; મધુરતા પ્રેમ કે સ્ફૂર્તિ;**
**સાહુનાા;**
**અમારા પ્રાણનાં સ્પંદન; અમારા અંગના આત્મા;**
**અરે અમ સહુના આધાર, અમારા સહુના મહાત્મા."**

★

## યોગેશ્વર પ્રભુ કે પૂ.મા મારે માટે તો એક જ

**—હિમાંશુ પાઠક**

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥

ઈશ્વરીયગુણોથી સંપન્ન આત્મદર્શી પરમાત્મ સ્વરૂપ મહાપુરુષની કલ્પના કરું છું ત્યારે મારી નજર સામે વીસમી સદીના એકમાત્ર મહાન યોગીપુરુષ પ્રકટ થાય છે. અને તે છે પૂ.ગુરુદેવ ભગવંત યોગેશ્વરજી. નાનપણથી પૂજ્ય પ્રભુનો બાહ્ય વ્યવહાર જોયા કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે એટલે યાદ આવે છે પૂ.શ્રીના પરમ ઈશ્વરીય ગુણો જેવા છે.

—સદાયે પ્રસન્ન વ્યક્તિત્વ.

—શાંત, મધુર, મિતભાષી વ્યવહાર.

પરંતુ જે ઈશ્વરીયગુણોનું મને આકર્ષણ રહ્યું છે તે છે, જ્યારે જ્યારે કોઇ શરણાગત ભક્તબાળ કોઈપણ નાની કે મોટી ભૂલો કરી હોય ત્યારે ત્યારે પૂ.પ્રભુનો કરુણાસભર વ્યવહાર સાથે ક્ષમા કરવાનો પરમગુણ અને એટલું જ નહીં પણ એ જ ભક્તબાળને કાદવમાંથી કમળ બનવાની પ્રેરણા આપતી



પૂ.પ્રભુની પરમવાણી.

મારા અત્યારસુધીના જીવનમાં થયેલી નાની કે મોટી, ક્ષમ્ય કે અક્ષમ્ય ભૂલો કે જેની પૂ.માને જાણ હોવા છતાં મારી સાથેના પૂ.માના વ્યવહારમાં કદી ઓટ જોવા નથી મળી. એટલું જ નહીં, જ્યારે જ્યારે પૂ.માના દર્શને જવાનું થયું ત્યારે ત્યારે એજ પ્રેમાળ આવકાર, ઋજુતાભર્યો વ્યવહાર અને અમોઘ આશીર્વાદસૂચક શબ્દોથી વિદાય જોવા મળી છે અને સાથે પ્રસાદમાં અનંત પ્રોત્સાહન તો જુદાં.

એટલે જ કહેવું અશક્ય છે કે પ્રભુ યોગેશ્વરજીમાં પૂજ્ય મા સમાયાં છે કે પૂજ્ય મામાં પૂજ્ય પ્રભુ

પણ મારે માટે તો વાત એક જ છે ને!

**✳ સ્થાપત્ય કન્સ્ટ્રક્શન ✳**
**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**
**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
**મોરબી**—૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) **૨૨૧૩૮૧**, (રહેઠાણ) **૨૩૦૨૨૨.**

# ગુરુ પૂર્ણિમાનો સાધના ઉત્સવ

–સ્વર્ગારોહણ સેવક

સ્વર્ગારોહણ એટલે ઉત્સવોની અને સત્કર્મોની અને સાધનાની રમણીય ભૂમિ. પ્રભુ શ્રીયોગેશ્વરજીનો સંસ્પર્શ પામેલી અને શ્રી શ્રી માના વસવાટથી ચિન્મય બનેલી આ વ્રજભૂમિ નિત્ય નવા ઉત્સવો ઉજવ્યા જ કરે છે. આ વખતે પણ તા.૨૦–૨૧–૨૨ જુલાઈના દિવસોએ અષાઢી પૂર્ણિમાએ ગુરુપૂર્ણિમાનો ઉત્સવ ઉજવવામાં આવ્યો.

૨૦૦૫માં શ્રી શ્રી માએ એક સંદેશામાં જણાવેલું કે ગુરુપૂર્ણિમા સ્વર્ગારોહણ તીર્થમાં કરવી. બાળકો તો માના આદેશને ઝીલવા તત્પર જ હોય છે અને નિષ્ઠાપૂર્વક પાળે પણ છે. આ ઉત્સવમાં પણ પૂ.શ્રીમાની પરોક્ષ હાજરી હોવા છતાં ૧૮૦ જેટલા ભાઈબહેનો બધાં જ કેન્દ્રોમાંથી આવ્યાં હતાં.

પ્રાતઃ અડધા કલાકની ધ્યાનની બેઠક પછી યોગેશ્વર લીલામૃતના બે અધ્યાયોનું સમૂહ ગાન, રોજીંદી પ્રાતઃ વંદના ને પ્રણામ પછી પૂ.શ્રી યોગેશ્વરજીના ભક્તિયોગ ઉપરની કેસેટનાં શ્રવણનો કાર્યક્રમ થયો. વ્યક્તિગત સાધના ઉપરાંત બીજી બે બેઠકો લીલામૃતના સમૂહગાનની થઈ. ઉપરાંત, પ્રણામ, કુટિયા પ્રદક્ષિણા ને રાત્રિવંદનાના કાર્યક્રમોમાં સાધકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

ત્રણ દિવસો માટેનો આ કાર્યક્રમ પ.પૂ.માશ્રી સર્વેશ્વરીની સૂચના ને માર્ગદર્શન મુજબ પ્રયોજાયો–જેનું સાધકોએ શિસ્તબદ્ધ રીતે પાલન કરી, સફળ બનાવ્યો. એક દિવસ પૂ.મા–પ્રભુના અનન્ય ભક્ત એવા શ્રી શાંતિભાઈ કનેરિયા તરફથી પૌત્ર શ્રી શિવમ્ વિજયભાઈના વધુ અભ્યાસસાર્થે અમેરિકા પ્રયાણ નિમિત્તે સાધકોને મિષ્ટભોજન આપવામાં આવ્યું.



# Hitesh's Faith in Maa, proved a miracle

–Hitesh Lad

There are 3 stages of faith when you progress on the path of spirituality. For example, if you want MAA to be with you, if you are in trouble and you need MAA's help–MAA has stated to do 11 pranams and MAA will be there. Wherever she may be, she will be there. This is the first step of spirituality. That is to say, wherever you are, if you feel you are in trouble and if you feel you need MAA's presence, MAA herself has stated–to do 11 pranams and wherever she is, in spirit she will be there to guide you.

The second stage is this : MAA says, "Wherever you are in trouble, just think of me and I'll be there." So, it's one step higher. One has to just think of MAA and she will be there. This stage requires a little more faith.

In the last stage, and you have to have to experience deep spirituality to understand this, MAA says she is always with you. She was and is always there with you. She never left you in the first place. That is the highest level of understandig that we need to **understand.** MAA said that she is here physically and we get to

have her darshan, but when we go home, do we practice this knowledge that MAA is always with us?

I'll give you a quick example of how MAA has proven to me that she can be in India but will assist you when you need help wherever you may be. This happened just last year at my work. I manage a department of about 150 people and I got the news that I had to layoff half my department. It is a very difficult process. We went through process of elimination and the day came when we had to deliver all these layoff notices. I'm a senior manager and I have 5 managers who report to me. They were the ones who were doing the layoffs. It's very difficult thing to do, if you haven't gone through it.

One of the managers that report to me said he had a concern because there was one employee who was very difficult. We had a fear that this employee could be dangerous and could cause a serious problem. Since we had so many layoffs, I couldn't physically be where this particular manager was. He was in another city. He said he was scared but I said "Don't worry, everything will be fine."

So, on the day of the layoffs, that Manager went with Human Resources (HR) to give that employee the news. He called the employee and went in the meeting room to deliver the lay-



off notice at around 9:00 in the morning. When he went in there, he advised the employee of the news, wished him well in his future endeavors and then left the room so that HR could explain the package in details. What happens is HR meets with the employee for 5 minutes after the manager brings in the employee. HR gives the employee the package and explains all the details and afterwards the employee is escorted out of the building. Well, 5 minutes passed, 10 minutes passed, 20 minutes passed, 30 minutes passed. HR was still locked in the room with that employee! Normally, the whole process should only last 5–15 minutes. The manager of the employee, who had left the room, was now really scared. He didn't know what was going on and was becoming more fearful the longer that employee remained locked in that room with HR. He messaged me and said, "Hitesh, I don't know what is going on. why is it taking so long? Why isn't that employee leaving? What is happening?" I said, "Don't worry. We'll just give it a few more minutes." You wouldn't believe it but almost 1 hour had passed! That employee was still in the room and we had no idea what was happening.

At this point, the manager of the employee messaged me again and said, "Hitesh, I'm extremely scared. I don't know what to do. Please

do something." I said, "Okay, wait 5 mintes. I'm going to meditate." So, I closed my office door and told all my staff not to disturb me. I went into meditation and called MAA, and told MAA the situation. I communicated with her what the problem was. I told MAA, "This employee is not leaving. He should be leaving. Something bad is going to happen. Can you resolve this issue for us, for me?" In my meditation I just visualized MAA and visualized that I was talking to her. I was literally shouting to MAA to help. She was in India at the time.

In just minutes, I came out of my meditation. As soon as I opened my eyes, the Manager of that employee suddenly message me. I didn't even have to contact him. I literally just came out of my meditation and he said, "Hitesh, you wouldn't believe what happened! A miracle has happened! That employee has just left the room! I can't believe it!" I immediately called the HR lady and I asked her what happened. The HR lady, who was in the room with the employee for the entire hour said that the employee was saying so many bad things about the manager which she knew weren't true. She said that he was extremely volatile, rude and aggressive, and she was getting scared herself, and she didn't know what to do. She said "But after the hour finished, I don't know what happened. He



just stopped talking, accepted the package, got up and left. Just like that! She herself said she couldn't explain it. But she was relieved. The ordeal had suddenly just ended!"

This is just an example I wanted to share that MAA doesn't have to be physically here. If you need her help, pray to her and I guarantee you she will help you–just as she helped me at my work. I encourage everybody to realize and to understand that MAA and Prabhu are always with us. They are always watching us. We make mistakes but they forgive us and they want us to advance better in our spirituality. Jai Krupalu MAA.

**(To be Contined)**

બુદ્ધિશાળીઓને શ્રદ્ધાનું તળીયું ના જડે, તરતા રહેવું ને દરિયાની ઉંડાઇ માપવી, એ બે ના બને.

દુઃખ થયું તો સમજવું કે પહેલા ભૂલ કરેલી તેનું આ ફળ છે. તમારા જ બનાવેલા ''મશીનમાં'' તમારી આંગળી આવી જાય તો એમાં મશીનનો શો વાંક? એ તો જે ભૂલ કરે તે ભોગવે.

# હિતેશની શ્રદ્ધાએ સર્જ્યો ચમત્કાર

—મૈત્રેયી ત્રિવેદી

નોંધ : શ્રી હિતેશ કેનાડામાં જ જન્મેલો ને ઉછરેલો યુવક છે. એ સાચું છે કે એના માતા—પિતા ને દાદા—દાદી પૂ.મા સર્વેશ્વરીનાં નિષ્ઠાવાન ભક્ત છે. એટલે એને પરિવારની ભક્તિના સંસ્કારો પારણામાંથી જ નહીં, માતાના ગર્ભમાંથી જ મળેલા છે.

એના આગલા જન્મોના સંસ્કારો પણ સારાજ હશે એથી તેને આ ભક્ત પરિવારમાં જન્મ મળ્યો. તેમજ તે સંસ્કારોને પોષક વાતાવરણ મળ્યું એટલું જ નહીં, પરંતુ એ સંસ્કારો વધારે સુદૃઢ બને તે માટે એનું આધ્યાત્મિક વાંચન, ચિંતન અને મનને તેમાં સારો ભાગ ભજવ્યો હોય એવું લાગે છે. તેથી જ તે આવી ઉચ્ચ શ્રદ્ધા પૂ.મામાં ધરાવે છે. એટલું જ નહીં, એ શ્રદ્ધાને પોતાના વ્યાવહારિક જીવનમાં કસોટીએ ચઢાવી એને દૃઢ કરે છે, જેથી બીજા લોકો તે જોઇ શકે.

શ્રી હિતેશની આ પાર્શ્વ ભૂમિકા જાણ્યા પછી તેનો આ લેખ વાંચશો, તો એ યુવાનની પૂ.મામાંની ઊંડી શ્રદ્ધાનું દર્શન અને એના પરિણામે જે ચમત્કારિક પરિણામ પ્રાપ્ત થયું તેનું રહસ્ય સમજાશે. દુન્યવી બદ્ધિ ને ભૌતિક જ્ઞાન ને આવડત કરતાં પણ —આધ્યાત્મિક શક્તિ કેવી કારગત નીવડે છે. તેની સરસ સત્ય ઘટના ભાઇ હિતેશે રજુ કરી છે. તે બીજા અનેકોને પણ પ્રેરણારૂપ બનશે, એ હેતુથી અત્રે રજુ કરી છે.

—તંત્રી



તમે જ્યારે આધ્યાત્મિક માર્ગે વિકાસ કરો છો, ત્યારે શ્રદ્ધાના ત્રણ તબક્કામાંથી પસાર થાઓ છો. દાખલા તરીકે તમે ઇચ્છતા હોય કે પૂ.મા તમારી સાથે હોય અને તમે કોઇ મુશ્કેલીનો અનુભવ કરી રહ્યા હોવ અને તમને પૂ.માની મદદની આવશ્યકતા લાગતી હોય—તો પૂ.માએ કહ્યું છે કે પૂ.મા—પ્રભુને યાદ કરી, પ્રાર્થના સાથે ૧૧ પ્રણામ કરો અને પૂ.મા જરૂરથી ત્યાં પહોંચી જશે. ભલેને પછી તેઓ ભૌતિક રીતે ગમે ત્યાં હોય, છતાં જરૂરથી આવશે. આ આધ્યાત્મિક શ્રદ્ધાનું પહેલું પગથિયું છે. તમે ક્યાં છો ને પૂ.મા ક્યાં હશે તેની ચિંતા કર્યા વગર તમે મુશ્કેલીમાં હોવ તો પૂ.માના સૂચવ્યા પ્રમાણે ૧૧ પ્રણામ અને પ્રાર્થના કર્યા પછી તમે જોશો કે તમને માર્ગદર્શન આપવા પૂ.મા તમારી પાસે સૂક્ષ્મરૂપે ઉપસ્થિત છે. શ્રદ્ધાનો બીજો તબક્કો આ પ્રમાણે છે. પૂ.મા કહે છે જેનામાં અમારા પ્રત્યે અતૂટ અને ઉંડી શ્રદ્ધા છે અને તે મુશ્કેલીમાં અમારી સહાય માટે પોકારે છે, તો અમે ત્યાં હાજર થઇ જઇએ છીએ. આ પહેલા કરતા ઉચ્ચકોટિની શ્રદ્ધા છે, જેમાં સાધકે ફક્ત પૂ.માને યાદ કરી પોકારવાનાં જ છે.

અને છેલ્લે આ ત્રીજા તબક્કાની શ્રદ્ધાનો અનુભવ કરવા માટે સાધકની આધ્યાત્મિક કક્ષા ખૂબ જ ઊંચા પ્રકારની હોવાની આવશ્યકતા છે. જેમાં સાધક હંમેશાં સતત અનુભવે છે કે પૂ.મા મારી સાથે અને પાસે જ છે. તેઓ તેની સાથે હતાં અને છેજ. પહેલી વાત એ કે તેઓ કદી તેને છોડીને ક્યાંય ગયાં જ નથી. પૂ.માને સાચી રીતે સમજવાં હોય તો તમારે આ ઉચ્ચ કક્ષાની વાત પહેલાં સમજવી આવશ્યક છે. પૂ.માએ કહ્યું છે કે તમે જ્યારે પાસે હોય ત્યારે પ્રત્યક્ષ ભૌતિક સ્વરૂપે પૂ.માનું દર્શન કરો

છો, પરંતુ પૂ.માથી વિખુટાં પડી ઘરે જાઓ છો, ત્યારે શું પૂ.મા તમારી સાથે જ છે, એવી તમારી સમજ કાયમ ટકેલી રહે તે માટે કોઈ પ્રયત્ન કરો છો ખરા?

આ માટે હું એક તાજો જ દાખલો આપું. તેના પરથી તમને જણાશે કે પૂ.મા ભલેને ભારતમાં હોય અને તમે ભલે ગમે ત્યાં હોવ જ્યાં તમને એમની મદદની જરૂર પડી. તો તમને મદદ કરશે જ. પછી ભલે તમે ગમે ત્યાં હો. આ ઘટના હજી ગયા વર્ષેજ મારી નોકરીના સ્થળે ઘટી. લગભગ ૧૫૦ જેટલા કર્મચારીઓનો વિભાગ હું સંભાળું છું ત્યારે મને સમાચાર મળ્યા કે મારા વિભાગમાંથી લગભગ અડધા માણસોને મારે પૂરતા કામના અભાવે થોડા વખત માટે છૂટા કરવાના છે. આ કામગીરી ખરેજ મુશ્કેલ છે. આ છટણીની કામગીરી પૂરી કરીને છેલ્લે છૂટા કરાવવાની નોટિશોની બજવણી કરવાનો દિવસ આવી પહોંચ્યો. હું ઉપરી મેનેજર છું ને મારા હાથ નીચે બીજા પાંચ જુનિયર મેનેજરો છે, જેઓ તેઓની કામગીરીનો અહેવાલ મને રજુ કરે છે. તેઓ આ છટણીની કામગીરી સંભાળતા હતા. તમને જો આ કામનો અનુભવ ન હોય તો સાચે જ આ કામગીરી કપરી છે.

આ બધા મેનેજરોમાંના એકે મને જણાવ્યું કે તેને મુશ્કેલી છે કારણ કે આ કામદારોમાંનો એક માથાભારે છે. અમને ભય હતો કે તેને છૂટો કરવો તે ભયજનક બને, જેના પરિણામે બીજી ગંભીર મુશ્કેલીઓ પણ ઊભી થાય. અમારે ઘણા બધાને તે દિવસે છૂટા કરવાના હોવાથી, હું આ મેનેજરની જગ્યાએ રૂબરૂ હાજર રહી શકું તેમ ન હતું, કારણ કે તે બીજા શહેરમાં હતો. તેણે મને જણાવ્યું કે મને ભય લાગે છે, પરંતુ મેં તેને ચિંતા ન



કરવા ને બધું સરસ રીતે પતી જશે એમ કહ્યું.

તેથી છટણીની નોટીસ બજાવવાના દિવસે તે મેનેજરે એચ.આર વિભાગના અધિકારીને આ માથાભારે કર્મચારીને તેને લે ઓફના સમાચાર આપવા જણાવ્યું. તેણે તે કર્મચારીને મીટીંગના રૂમમાં લે ઓફની નોટીસ લેવા બોલાવ્યો, ત્યારે સવારના ૯ થયા હતા. તે અંદર આવ્યો ને મેનેજરે તેને આ ખબર આપ્યા, સાથે સાથે તેને તેના ભવિષ્યના પ્રયત્નોમાં સફળતા ઇચ્છી તે મેનેજર બહાર આવી ગયો, જેથી નોકરીએ રાખનાર અધિકારી તેને છૂટા થતી વખતે જે પેકેજ આપવામાં આવી રહ્યું છે, તેની વિગતે સમજ આપે. સામાન્ય રીતે મેનેજર જે નોકરીયાતને લાવે તેને નોકરીએ રાખનાર અધિકારી પાંચેક મિનિટમાં પેકેજની સમજ આપી વિદાય કરે ને બીજા કારીગરને મિટિંગ રૂમમાં મોકલાવે. કિન્તુ આ માથાભારે કામદાર પાંચ, દસ કે પંદર તો નહીં, પરંતુ અડધા કલાક સુધી બહાર ના આવ્યો તેથી, મેનેજરને ચિંતા થવા લાગી. સામાન્ય રીતે બીજા કામદારો ૫–૧૦ મિનિટમાંજ બહાર આવી જતા. એને ખબર ન પડી કે અંદર શું થઇ રહ્યું છે. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ આ મેનેજરની ચિંતા વધવા માંડી. એણે મને તુરત સંદેશો મોકલ્યો કે હિતેશભાઇ, આ માથાભારે કામદાર છટણી અધિકારીના ઓરડામાં શું કરી રહ્યો છે? કેમ બહાર આવતો નથી? ખબર પડતી નથી.

મેં તેને આશ્વાસન આપતાં કહ્યું, તું ચિંતા ના કર. આપણે ભલે તેને થોડો વધુ સમય આપીએ. તમે નહીં માનો પણ એક આખો કલાક આમ પસાર થઇ ગયો! છટણી અધિકારીના ઓરડામાં શું થઇ રહ્યું છે, તેની કાંઇ ખબર જ કોઇને બહાર

પડતી ન હતી.

પેલા મેનેજરનો પાછો ફોન આવ્યો અને કહે, ''હિતેશભાઇ મને ખૂબ ડર લાગે છે, તમે કંઇક કરો, મેં કહ્યું, સારું, તું મને પ મિનિટ આપ હું ધ્યાન કરું છું.''

પછી મારી ઓફિસમાં જઇ મારી સાથેના બીજા બધા કર્મચારીઓને કહ્યું, ''મને કોઇ બોલાવતા કે ખલેલ પહોંચાડતા નહીં હું બહાર ના આવું ત્યાં સુધી.''

મારી ઓફિસના ઓરડાનાં દ્વાર બંધ કરીને હું ધ્યાનમાં બેઠો અને પૂ.માને પ્રાર્થના કરી, મારી સમસ્યા જણાવી. મેં પૂ.માને વિનંતી કરી 'હે મા, આ માથાભારે કામદાર બહાર આવતો નથી. કંઇક અજાગતુ બને તેવો ભય લાગે છે. માટે હે મા, મારે ખાતર આ પ્રશ્નનો નીવેડો લાવવામાં મને સહાય કરો. અને તરુત જ ધ્યાનમાં મને માનું દર્શન થયું અને જણાયું કે હું તેમની સાથે આ અંગે વાત કરી રહ્યો છું. અને મેં જોરથી બૂમ પાડી પૂ.માને મદદ કરવા વિનંતી કરી.' પૂ.મા તે વખતે ભારતમાં હતાં.

બરાબર પાંચ મિનિટમાં જ હું ધ્યાનમાંથી બહાર આવ્યો ને જેવી મારી આંખ ઉઘાડી કે પેલા મેનેજરે મને એકાએક સંદેશો મોકલ્યો. અરે, હજી તો મેં તેનો સંપર્ક પણ કર્યો ન હતો ત્યાં તેણે કહેવા માંડ્યું, હિતેશભાઇ, તમે નહીં માનો કે શો ચમત્કાર થયો? અરે, પેલો કામદાર રૂમની બહાર આવી ચાલ્યો ગયો. હું માની નથી શકતો, અચાનક આ કેમ થયું.

જે બેન આ કામગીરી સંભાળી રહી હતી, તેનો સંપર્ક કરતાં તેણે જણાવ્યું કે આ કર્મચારી મેનેજર વિષે ઘણા આક્ષેપો કરી રહ્યો હતો (જે સાચા ન હતા તે હું જાણતી હતી, અને ખૂબ



અપશબ્દો ગુસ્સાપૂર્વક બોલી રહ્યો હતો.) તેના આવા ઉધ્ધત વર્તનથી મને પોતાને પણ ભય લાગતો હતો. અને હવે આનું શું કરવું તે સમજાતું ન હતું પરંતુ કલાક પૂરો થતાં જ કોણ જાણે શું થયું, મને કંઇ સમજાયું નહીં, તેણે બોલવાનું બંધ કરી અને પેકેજ સ્વીકારી, ઊભા થઇ ચાલવા માંડ્યું. આ કેમ બન્યું તેની સમજ તે બેનને ન પડી, પરંતુ આ અગ્નિપરીક્ષામાંથી અચાનક તે બહાર આવી ગઇ.

આ તો એક ઉદાહરણ માત્ર છે. મારો કહેવાનો ઉદ્દેશ એટલો જ છે કે પૂ.માને ભૌતિક રીતે ઉપસ્થિત રહેવું જરૂરી નથી. તમારે તેમની મદદની જરૂર હોય તો તેને શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરો ને મને જેમ મદદ કરી તેમ તમને પણ જરૂરથી મદદ કરશે. એટલા માટે જ હું દરેકને એ વાતે પ્રોત્સાહિત કરતો રહું છું કે સમજી લો કે પૂ.મા—પ્રભુ હંમેશાં આપણી સાથે જ છે. તેઓ હંમેશાં આપણને જોતાં હોય છે, આપણે ભૂલો કરીએ પરંતુ તેઓ ક્ષમા કરતાં રહે છે, કે જેથી આપણી આધ્યાત્મિક પ્રગતિ થતી રહે.

**(ક્રમશઃ)**

જેણે આ જગતમાં બધાં જ શાસ્ત્રો જાણ્યા હોય પણ ''પોતે કોણ છે?'' એ નથી જાણ્યું, તેણે કશું જાણ્યું નથી.

જે આપણા ''મન'' અને ''ચિત્ત'' ને બહેકાવે એ બધા જ ''કુસંગ'' છે, ''મન'' અને ''ચિત્ત'' ને ઠારે એ સત્સંગ.

# માનવ શરીરની મહત્તા સમજો

**—સંતવાણી**

શરીરની બહારની અવસ્થા એ આંતરિક શરીરનો આયનો છે.

"તમે કોઈને ચાહતા નથી, નથી કોઈ તમને ચાહતુ, લાગણીથી કદી ભીનુ થતું નથી, એ હૈયું શું કામનું. તમે કોઈને આનંદ આપતા નથી, નથી તમે આનંદમાં રહેતા, સુંદરતા જોઈને હરખથી છલકાતું નથી, એવું હૈયું શું કામનું. રૂપ—રંગ કે રસ—સૂરનો એકે પ્યાલો પીધો નથી કે નથી પીવડાવ્યો, હૈયાના સૂરને બેસૂરા બનાવે, એવું હૈયું શું કામનું. કરુણાથી જે કદી ભીનું થતું નથી, એવું હૈયું શું કામનું. અન્યાયથી જે કદી તપતું નથી, એવું હૈયું શું કામનું."

પતિ પત્નીને પગાર લાવી આપે ત્યારે ઘરમાં કરકસર કરવાની સલાહ જરૂર આપશે.

માલિક—નોકરને પગાર આપે ત્યારે કામ ઠીક કરવાની—વારંવાર રજા ન લેવાની ચેતવણી જરૂરથી આપશે.

પિતા પુત્રને પોકેટ મની આપે ત્યારે પૈસા ઝાડપર નથી લાગતા, મહેનત કરવી પડે છે. પૈસા ઉડાવવાની સલાહ નહીં આપશે. દાતા સંસ્થાને દાન આપશે ત્યારે ભાષણ જરૂરથી આપશે અને હિસાબ માંગશે.

એક પરમકૃપાળુ પરમાત્મા જ એવો છે જે દરેક સમયે ભોજનમાં નવું અન્ન આપે છે. દરેક ઘૂંટડે નવું અમૃત સમુ પાણી આપે છે. દરેક શ્વાસે નવી શુદ્ધ હવા આપે છે. છતાં બદલામાં



કંઈ જ માંગતો નથી.

પરંતુ,

આ માનવ શરીર એટલું ગંદુ છે કે અમૃત જેવું પાણી પીધા બાદ શરીરમાંથી પસાર થતાં મૂત્ર બની જાય છે.

શુદ્ધ ખોરાક, પવિત્ર અન્ન આરોગીયે પરંતુ શરીરમાંથી પસાર થતા મળ બની જાય છે.

શુદ્ધ હવા શ્વાસમાં લઈએ પરંતુ શરીરમાંથી બહાર નીકળતાં કાર્બન—ડાયોક્સાઈડ બને છે.

પરમાત્માએ તો નદીનું સર્જન કર્યું, જ્યારે ગટરનું સર્જન તો માનવે કર્યું છે.

પરમાત્માએ તો નીરોગી તનની રચના કરી. પરંતુ આપણે કાવા—દાવા; વેર—ઝેર, વ્યસન, નફરત, નિષ્ઠુરતા અને વિકાર થકી શરીરને રોગી બનાવ્યું છે. હકીકતમાં આપણે આ શરીરની કાળજી લેતા નથી. કારણ કે એ મફતમાં મળ્યું છે, એટલે એની કીંમત કરતા નથી. આપણું આ શરીર પાંચ શરીર ભેગા થઈને એક શરીર બને છે. આપણે ફક્ત આ બાહ્ય શરીરને સાફ સુથરુ રાખીએ છીએ અને બાકીના ચાર શરીરની દરકાર કરતા નથી.

માનવ શરીર.

૧. ભૌતિક શરીરને શુદ્ધ ખોરાકની જરૂર છે.

૨. મનઃ શરીરને ભક્તિ ધ્યાન પૂજાની જરૂર છે.

૩. બૌધિક શરીરને સારું વાંચન અને જ્ઞાનની જરૂર છે.

૪. પ્રાણ શરીરને શુદ્ધ હવા અને પ્રાણાયામની જરૂર છે.

૫. આત્મિક શરીરને પ્રેમ—હેત, પ્રસન્નતાની જરૂર છે.

ધ્યાન—પ્રેમ—વ્યાયામ—મહેનત—પ્રાણાયામ અને સ્વચ્છતાથી આપણા આ પાંચે શરીર નિરોગી બનતાં ચેતના શક્તિ પ્રબળ બને છે.

### ઠોકર

ઠોકર લાગે પછી જ ઠાકોરજી યાદ આવે.

**ઠોકરે ખાતે ચલો, પથ્થર હટાતે ચલો,**
**નયે આનેવાલો કે લીયે, રાહ બનાતે ચલો.**

કષ્ટ વિનાનું જીવન શક્ય જ નથી,
કષ્ટ સમયે કે કોઇ કોઇ બિમારીને કારણે,
ડૉકટર પાસે જઇએ તો ડૉકટર કફ, પિત્ત
અને વાત/વાયુની સારવાર કરશે,
એ જ રોગ થકી જ્યોતિષી પાસે જતાં તે
કોઇ ગ્રહ નડે છે કે દશા ખરાબની વાત કરશે.
એ જ રોગ અને કષ્ટ લઇ તાંત્રિક પાસે જતાં,
તે ભૂત—પ્રેત અને નજર લાગી છે તેમ કહેશે,
સંત મહાત્મા પાસે જઇએ તો કહેશે,
નસીબ—કર્મ અને ભાગ્યને કારણે થયું છે,
સાચું શું? સાચું કોણ?
સાચું એક ભગવાનનું શરણ.



# પૂ.માની સર્વેશ્વરીની સ્વિટઝર્લેન્ડ યાત્રા(૮)

—મા સર્વેશ્વરી

### તા. ૧/૭/૨૦૧૧ ઇન્ટનલેકન

હે પરમાત્મા, આપના પાવન ચરણોમાં દંડવત્ પ્રણામ, પ્રણામ, પ્રણામ. આપ આ વિદેશની ધરતી ઉપર સૌને રક્ષાયેલા રાખી, હસતા રાખીને પ્રકૃતિની ગોદમાં રમતા રાખો છો આભાર પ્રભુ. આ રીતે સંતાઇને સઘળાં કાર્યો ક્યાં સુધી કરતા રહેશો? પ્રગટ થઇને, સંનિધિ સુખ પ્રત્યક્ષ દર્શન દેતા દેતા પ્રારંભ કરી દો.

વિદેશની ધરતી ઉપર સૂર્યોદયની આ અમારી પ્રાર્થનાનો સત્વર સ્વીકાર કરો.

શ્રી હરિદર્શનની હરિફાઇમાં એકસરખી હરોળમાં ઉભા ઉભા આ હરિયાળી ગિરિમાળા સૌની આંખનો વિષય બની રહી છે. સૌ એને જોતા જોતા જાણે પ્રાકૃતિક સમાધિ સુખમાં મ્હાલી રહ્યાં છે.

શું વિશ્વમાં અહીં જ પરમેશ્વરને આટલી બધી પ્રાકૃતિક સૌંદર્યની રસલ્હાણ ધરવાનું મન થયું હશે? આખો દેશ હરીયાળો, રળિયામણો!

આ ગિરિમાળાના ૩ ગિરિરાજ જાણીતા છે. તેમાં એકનું નામ મોન્ક છે. મોન્ક એટલે સાધુપુરુષ.

નામ જેમણે આપ્યું તે સાધુપુરષ જ હશે!

ત્રણ પર્વતનું ભેગું પાણી—ઉપરનો બરફ ઓગળે તે

જળપ્રવાહનું સાધનોથી માપ કાઢ્યું તો દર સેકન્ડે વીસ હજાર લીટર પાણી ધરતી ઉપર આવે છે. જળદેવતાની અ—ધ—ધ—ધ કહી શકાય એટલી ને એવી કૃપા છે. જે જળદેવતા આપ ગુજરાતમાં—ભારતમાં—વિશ્વમાં જ્યાં જ્યાં ખોટ છે ત્યાં ત્યાં પણ કૃપા કરી દો ને?

"The falls grind, like God's handsaw, through the mountain." પુસ્તકમાં લખ્યું છે, ''ધોધ જાણે ભગવાનના હાથની કરવત બનીને પર્વતને કાપી રહી છે.''

ધોધ જ કરવત બની ગઈ અને તે પણ ભગવાનનો હાથ આ વાક્ય લેખક ઈશ્વરની સમર્થ શક્તિમાં, ઈશ્વરના અસ્તિત્વમાં શ્રદ્ધા રાખે છે.

ધોધ વહે છે તે ભગવાનની શક્તિથી, ભગવાનની ઈચ્છાથી અને પર્વત ઘસાઈ રહ્યા છે તે પણ ભગવાનના હાથથી કરવત બનીને પહાડને વીંધી રહ્યા છે.

ધોધ જ કરવત પણ તે કરવત પ્રભુના કરકમળ છે.

આજે પાછું ધરતીથી ઉપર પર્વત ઉપર પહોંચવાનું છે. પદયાત્રા કરીને નહીં. સ્વિટ્ઝર્લેન્ડની ઈજનેરી વિદ્યાનું અદ્‌ભુત દર્શન કરાવતી રેલ્વે ૧૧,૩૦૦ ફૂટ ઉંચે લઈ જવાની છે.

ઈજનેરી વિદ્યા પણ પ્રભુનો પ્રસાદ જ છે ને! માનવના બૌદ્ધિક વિકાસ પાછળ શ્રી હરિની જ બૌદ્ધિ શક્તિ કાર્યરત છે ને.

પ્રાકૃતિક સૌંદર્યના રસરાજનો મુક્ત વિહાર આજે ફરી માણવાનો છે.



વિજ્ઞાનની દૈવી શક્તિ વિશેષતાને નિકટથી જાણવાની ઉત્તમ તક ધરી રહી છે. એક જ કલાકમાં ઝડપથી દોડતી એ ટ્રેઈન યુરોપના ઉંચામાં ઉંચા શિખર ઉપર પહોંચાડી દે છે.

જીજ્ઞાસુ સાધકને ગરૂડની ગતિથી પરમાત્મા ઉપર ઉડવાનું બળ ધરે છે જેને સાચી ભૂખ લાગી છે તેને ભરપેટ ભોજન પીરસવામાં શ્રી હરિ વિલંબ કરતા નથી. કદાચ તેને શ્રી હરિ પોતાના ખભા ઉપર જ ચઢાવીને ઉપર ને ઉપર ધરતીથી આકાશ ને આકાશથી યે ઉપરના લોકમાં ક્ષણમાં—અરે! પાંપણના પલકારે પહોંચાડી દે છે.

રોજરોજ ધરતી ઉપરથી આકાશને અડવાની આજકાલ યુરોપમાં એ પ્રવૃત્તિ શ્રી હરિ માની મંડળી પાસે કરાવી રહ્યા છે.

જ્યાં છો ત્યાંથી ઉપર ઉઠો. ત્યાંને ત્યાં તે જ સ્તર પર જ ના ચાલો. ઉપર ને ઉપર ઉડવાના પ્રયત્ન કરો.

આ સંદેશ—યુરોપની યાત્રા માને રોજ પ્રભાતે સંભળાવી રહી છે.

આજનું ધ્યેય ઉપરના લોકનું છે. આખા યુરોપખંડનું ઊંચામાં ઊંચા શિખર તે ઉપર પહોંચવાનું છે.

માનવમાત્રનું ધ્યેય શ્રી હરિના મસ્તકના મુકૂટમાં બિરાજવાનું છે. કહેવાય છે કોહીનૂરનો હીરો રાણીના મુકૂટમાં સ્થાન પામ્યો છે. ભલે તે ઝૂંટવેલો હોય પણ ત્યાં તે પહોંચ્યો છે.

હે હરિ, આપ અમને પણ સંસારમાંથી ઝૂંટવી લો, ખેંચી લો. ને આપના મસ્તકે કોહીનૂરની જેમ અમને પણ ચમકાવી દો. અનેક જન્મોથી ચાલતી આ આ સંસારી રખડપટ્ટીમાંથી

થપ્પડ મારીને પણ, કાન પકડીને પણ, રડાવી કકળાવીને પણ ઘસડી જાવ. આપના દેશમાં પ્રભુ, એટલું તો કરો.

આપના શ્રી અંકે જન્મોજનમ રમવાનું પરમભાગ્ય ધરો. રેલ્વેના એ બાદશાહી ગાદી તકીયે બેઠાં. કાચની મોટી—મોટી બારી અને તે પણ ખૂલે તેવી. સુવિધા તો સર્વોત્તમ. આ રેલ્વેની સુવિધા દરેક દેશને માટે પ્રેરણા બને તેવી છે. રેલ્વેની ડાબી જમણી સતત પર્વતોની હારમાળા જાણે શ્રી હરિદર્શન શ્રી હરિ પધારી રહ્યા છે તો પ્રત્યક્ષ મિલન માટે સૌ હરોળમાં હાથ જોડીને ઉભા છે. પર્વતોની હારમાળામાં પણ એવી સમજ હશે કે હરિદર્શન કરવા શિસ્તબદ્ધ રીતે ઉભા રહેવું પડે.

અરે! રેલ્વેની પાટાની પાસે જ બંને બાજુ જાણે ઝાકળની જાજમ અને એ જાજમમાં મલકાતા, ડોલતા, હસતા—રમતા વિવિધરંગી નાના—નાના નાજૂક ફૂલડાં.

લાલ, પીળા, સફેદ, ભૂરા રંગના એ નાના—નાના દીવડા જાણે શ્રી હરિની આરતી ઉતારતા હોય એવું લાગે છે.

અતિ સુંદર પ્રાકૃતિક સૌંદર્યનું રસપાન કરતાં કરતાં એક કલાકમાં તો ૧૧,૩૦૦ ફૂટની ઉંચાઈએ પહોંચી પણ ગયાં. પહોંચાડી દીધાં. પ્રભુએ સુરક્ષિત ઉતાર્યાં.

અહીં રેલ્વે સ્ટેશન પણ પહાડની અંદર જ વીજળીના તેજથી તે ઝળહળતું લાગે. પણ ઉપર નીચે, આજુબાજુ માત્ર પહાડ, પહાડ, પહાડ કહો કે પહાડની જ ગુફામાં રેલ્વે. રેલ્વે સ્ટેશન પણ પહાડની ગુફામાં.

અને એ ગુફામાં લાંબી લાંબી બંધ પગદંડી. એકસાથે ૫, ૭



પ્રવાસી ચાલી શકે તેવડી. ને દાદર, લીફટ, રેસ્ટોરન્ટ, સ્ટોર— સામાન્ય માનવ આશ્ચર્યચકિત થઈ જાય, બુદ્ધિ કામ ન કરે, તેવી પહાડોને વીંધીને જે સુવિધા ઉભી કરી છે તે તો સાચે જ આ દેશના ઈજનેરોને વંદન કરવા જેવી છે.

રેલ્વે સ્ટેશનથી લીફટમાં ઉપર જવાનું એક જ લીફટમાં ૧૦ ની મંડળી સમાઈ ગઈ. એટલે એ લીફટની સાઈઝ કેવડી હશે તેની કલ્પના થઈ શકશે.

એ લીફટ ૧ જ સેકન્ડમાં ૬ ફૂટ અંતર કાપતી હતી. જાણે રોકેટમાં ઉડતા હોય એવી ઝડપ હતી. ૧૦૮ મીટરની ઊંચાઈ હતી.

ઉપર હવામાન સરસ હતું. એટલે બહાર નીકળીને પણ એ દૃશ્ય મન ભરીને માણ્યું.

ઠંડી તો ભારે, જાડા કોટ, જાડા મોજાં, ૩, ૪ ટોપી, હાથના મોજા, મફલર, શાલ. જાણે ઠંડી સામે યુદ્ધ કરવાના હોય એ રીતે મા પણ સજ્જ હતાં.

યુરોપના ઊંચામાં ઊંચા એ સ્થળનું નામ છે. JUNGFRAWOCH જોડણી પ્રમાણે અહીં ઉચ્ચાર નથી. અહીં જર્મન, ઈટાલીયન, ફ્રેન્ચ ભાષાનું ચલણ છે એટલે આપણી ટેવ પ્રમાણે ઉચ્ચાર અટપટા છે. એનો ઉલ્લેખ જુગલ કિશોર કરીને આપણે તો એ નામ નોંધીને આગળ વધીશું.

આવડા મોટા, ઉંચા, લાંબા પર્વતને કાપીને તેમાં રેલ્વે લઈ જવી, રેસ્ટોરન્ટ, મ્યુઝીયમ, લીફટ. અરે એમાં લાંબા—લાંબા ચાલવાના માર્ગ. બધું જ નોંધપાત્ર. અચરજમાં નાંખે તેવું છે.

ગઇ યુરોપ યાત્રામાં એટલા બધા ચર્ચ આવતાં હતાં કે છાપ એવી હતી કે યુરોપ એટલે ચર્ચોની જ મુલાકાત લેવાની.

પણ આ યાત્રામાં તો હજી સુધી એકપણ જાણીતું ચર્ચ જોવા ગયા નથી.

યુરોપમાં યાત્રા ચાલી રહી છે. આકાશને અડતા સ્થળોએ વિજ્ઞાનના સાધનો પહોંચાડી દે છે. ને પાછા નીચે પણ લાવી દે છે.

શિખર ઉપર જવું તો ગમે પણ પાછું તળેટીમાં આવીને નવેસરથી ચઢવાનું હોય તો તો સાધકને માટે શોભાસ્પદ નથી.

અનેક મથામણ પછી માંડ માંડ સંસારની તળેટી ધીમે–ધીમે છૂટે ને આગળને આગળ ઉપરના લોકમાં ચઢતો જાય. પણ જો પગ લપસ્યો, જીવનની વિષયવનની ઝાડીમાં ફસાયા તો તરત જ ક્ષણમાં જ પાછા નીચે.

માટે ખૂબ સાવધાનીથી, સતત જાગતા રહીને પ્રભુના પંથે ચાલવાનું છે. એવું આ યાત્રા માને શીખવી રહી છે.

હે પરમપુરુષ પરમાત્મા, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

**(ક્રમશઃ)**



# પ્રેરક પ્રસંગો–પ.પૂ. શ્રી રણછોડદાસજી મહારાજના

**–સંક્ષેપ : પરમાર્થી**
**–લેખક : દમયંતીબેન સેજપાલ**

### મંદસૌર નેત્રયજ્ઞ

ચોથો નેત્રયજ્ઞ મધ્ય પ્રદેશના મંદસૌર ગામમાં શરૂ થયો.

તારીખ ૨૯–૧૦–૧૯૫૭ને દિવસે પ્રથમ ઓપરેશન થયું. દર્દીઓની નામાવલી વગેરેની નોંધના ચોપડામાં પહેલા પાના પર પૂજ્યશ્રીએ અડગ નિષ્ઠાનો નિચોડ ઠાલવ્યો : 'નિઃસ્વાર્થ સેવા અસફલ નહીં હોતી. યહ મેરા પક્કા વિશ્વાસ હૈ.'

મંદસૌર કેમ્પમાં દૂધ ગામડાઓમાંથી આવતું. એક દિવસ સાંજે દૂધ સમયસર આવી શક્યું નહીં. તે દિવસે જેમનાં ઓપરેશન થયાં હતાં એ લોકોને દૂધ આપવું અતિ જરૂરી હતું. મહિલા વોર્ડમાં સેવા કરતાં પાર્વતીબહેન પાસે બેચાર બહેનોએ અધીરા બનીને દૂધની માંગણી કરી. પાર્વતીબહેન તરત પુરુષોના વોર્ડનો ચાર્જ સંભાળી રહેલા પ્રાગજીભાઇ પાસે ગયાં, ને દૂધ વિષે પૃચ્છા કરી. પ્રાગજીભાઇ પરિસ્થિતિ જાણતા હતા છતાં 'ચાયઘર'માં જઇ સવારનું વધેલું અડધી બાલદી જેટલું દૂધ લઇ આવ્યા. પાર્વતીબહેન ખિજાઇ ગયાં. તેમણે કહ્યું : 'આજે બહેનોના ૬૫–૭૦ ઓપરેશનો કરેલાં છે. આટલા દૂધમાં શું થાય?'

પ્રાગજીભાઇને પૂજ્યશ્રીમાં અતૂટ શ્રદ્ધા. તેમણે

પાર્વતીબહેનને શાંત પાડ્યાં. 'બહેન! બાપુનું નામ લઈને તમે ફિડિંગ કપ ઉપાડો ને બધાંયના મોઢામાં દૂધ રેડવા માંડો. બાપુ સહુ સારાં વાનાં કરશે. હું ત્યાં સુધીમાં બીજા દૂધનો પ્રબંધ કરું છું.'

પાર્વતીબહેનને બહુ સમજાયું નહીં પણ પૂજ્યશ્રીનું નામ લઈ કીટલી ઉપાડી. પછી પહેલા ખાટલા પાસે જઈને બોલ્યાં : 'મા, મોઢું ખોલો દૂધ રેડું છું.' બંને આંખે પાટા બાંધેલ. માના મોઢામાં એક ઘૂંટડો દૂધ પડ્યું એ સાથે એણે ઓડકાર ખાધો. 'બસ બેટા, પેટ ભરાઈ ગયું. હવે ન રેડતી.'

પાર્વતીબહેન બીજા ખાટલા પાસે ગયાં. ત્રીજો, ચોથો, પાંચમો એક પછી એક ખાટલા વટાવતાં જાય. કોઈને એક, કોઈએ બે તો કોઈએ ચાર ઘૂંટડા પીને ના પાડી. કોઈને પીતા પહેલાંજ તૃપ્તિનો ઓડકાર આવ્યો?

**સીરોંજ નેત્રયજ્ઞ**

મંદસૌર નેત્રયજ્ઞની પૂર્ણાહૂતિ પછી પૂજ્યશ્રીએ બધાય સ્વયંસેવકોએ ઘેર જવા કહ્યું. પોતેશ્રી પણ : 'મૈં આરામ કે લિયે એકાંતવાસ મેં જાતા હૂં. કહીને ત્યાંથી નીકળી ગયા.'

પૂજ્યશ્રી સીધા સીરોંજ ગયા. ત્યાં અનંતપુરવાળાં અવંતિબાઈના જમાઈ રહેતા હોવાથી થોડા લોકો એમને ઓળખતા હતા. પૂજ્યશ્રીએ ગામની બહાર આવેલા આંબાના ઝાડ નીચે બધાને એકઠા કર્યા ને નેત્રયજ્ઞ વિશે વાત કરી જણાવ્યું કે એક મહિના પછી અહીં આપણો કેમ્પ શરૂ થશે.

રાધાવલ્લભ નામના પૂજ્યશ્રીના એક ભક્ત બોલ્યા : 'બાબા, જેઠ મહિનામાં કેમ્પ રાખ્યો હોત તો સારું થાત. આ



ઝાડ આખું આંબાથી લચી પડત. બધાં ખાઈને આનંદ કરત.'

પૂજ્ય શ્રી હસ્યા : 'ભૈયા ગરમી મેં કેમ્પ નહીં લગતા હૈ. ઔર તુમ્હેં આમ હી ચાહિયે ન? દેખો આમ તો વે રહે. જાઓ તોડ લાઓ.'

સાચે જ તેઓશ્રીએ જે દિશામાં હાથ લંબાવ્યો હતો એ તરફની ડાળી પર પાકા રસાળ, ત્રણ આંબા લટકી રહ્યા હતા! આવી અજબ ઘટના જોઈ આસપાસ ઊભેલા અજાણ્યા મુસ્લિમો પણ નેત્રયજ્ઞમાં સહકાર આપવા તૈયાર થયા.

તારીખ ૧૩–૧–૧૯૫૮ને દિવસે પ્રથમ ઓપરેશન થયું. પૂજ્યશ્રીએ ચોપડામાં લખ્યું : 'પરહિત સદૈવ સફલતા કી ચાવી હૈ. પતિતપાવન ભગવાન નિઃસ્પૃહ સેવા ચાહતે હૈ.'

સીરોંજમાં પહેલાં નવાબનું રાજ્ય હતું. તેથી વસ્તીનો મોટો ભાગ મુસ્લિમોનો. સ્ત્રીઓ પરદામાં રહે. આને કારણ સ્ત્રીઓનો સહકાર બહુ ઓછો મળ્યો. ગામમાંથી કેટલાય મુસ્લિમો આંખોની તપાસ અને ઓપરેશન કરાવવા માટે કેમ્પમાં આવતા. એ લોકોને જોઈને નાતજાતમાં ચુસ્તપણે માનતા સીરોંજના એક ભાઈએ પૂજ્યશ્રીને પૂછ્યું : 'આપ મુસલમાનોને શા માટે કેમ્પમાં રાખો છો?'

'કેમ્પ મેં મૈં સિર્ફ એક માનવ હૂં.' પૂજ્યશ્રીએ મીઠું હસીને જવાબ આપ્યો. લેકિન 'અંગત જીવન મેં મૈં કટ્ટર હિંદુ હૂં. જાતિભેદ તો શરીર કે સાથ મેં લગે હુએ જાતિભેદ કો હી સર્વોપરી સમઝકર માનવતા ઔર પ્રેમ કા ગલા ઘોટ દેના કહાં કા ન્યાય હૈં?'

પૂર્ણાહૂતિ પ્રસંગે ગામમાં રહેલા હિંદુઓએ સત્યનારાયણની

પૂજા અને ભજનનો કાર્યક્રમ રાખ્યો. મુસ્લિમો બિરાદરોએ કવ્વાલી અને મોહલતનો જલસો ગોઠવ્યો. પૂજ્યશ્રીએ બંને કાર્યક્રમોમાં હાજરી આપી.

બીજે દિવસે કેમ્પ સમેટવાની તૈયાર થઇ ત્યારે એક મુસ્લિમ નેતા પોતાની જાતિના સેવાભાવી ભાઇઓને ઉદ્દેશીને કહી રહ્યા હતા : 'રામ રામ કહેતા જાઓ અને સામાન ઉપાડવામાં મદદ કરતા જાઓ.'

આ કેમ્પમાં ખુદાનો ફિરસ્તો વસે છે.

રામ અને રહીમને તે એક જ કહે છે.

મુસ્લિમો પર પણ પૂજ્યશ્રીનું કેવું અદ્દ્ભુત વર્ચસ્વ!

તારીખ ૨૮–૧–૧૯૫૮ને દિવસે નેત્રયજ્ઞની પૂર્ણાહુતિ થઇ. કુલ ૯૬૮ ઓપરેશનો થયાં.

(ક્રમશઃ)

ધર્મ તો તલવારની ધાર જેવો છે, ત્યાં પોલંપોલ ના ચાલે.

સમાજમાં તો અહીં ન્યાય હોય કે ના પણ હોય, પણ કુદરત જે નિરંતર કરી રહી છે, તે ન્યાય જ છે, સહેજ પણ અન્યાય નથી કરતી.

સર્વ બંધનમાંથી મુકત થવું હોયતો ''પ્રત્યક્ષ ભક્તિ'' કરવી પડશે.



# અરૂણાચલની તળેટીમાં

**અનુ : શ્રીયોગેશ્વરજી, મૂળ લેખક : પોલ બ્રન્ટન**

મહર્ષિનું આશ્રયસ્થાન આગળના ભાગમાં નજીક ઊગેલાં વૃક્ષોને ગીચ ઝાડીવાળા બગીચાઓથી ઘેરાયેલું હતું. પાછળ તથા બાજુ પર છોડ તથા થોરની વાડ હતી અને દૂર પશ્ચિમ તરફ ગીચ જંગલ અથવા વન હતું. એની સ્થાપના અત્યંત રમણીય રીતે પર્વતની તળેટીના નીચેના ભાગમાં કરવામાં આવેલી. એ એકાંત અલગ જગ્યા ધ્યાનમાર્ગનો ઉત્તમોત્તમ અભ્યાસ કરનારને માટે સુયાગ્ય દેખાતી.

ચોકની ડાબી બાજુએ ઘાસના છાપરાવાળાં બે મકાન હતાં. એમની નજીકમાં એક અદ્યતન ઢબનું, લાંબું મકાન હતું એનું લાલ નળિયાંવાળું છાપરું ઉપરનાં નેવાં તરફ ઝૂકેલું હતું. એના આગળના ભાગમાં એક નાની ઓસરી હતી.

ચોકની વચ્ચેના ભાગમાં મોટો કૂવો હતો. ત્યાં એક છોકરો જોવા મળ્યો. કમર સુધી ઉઘાડા શરીરવાળો, કાળી શાહી જેવી ચામડીવાળો એ છોકરો કરકર અવાજ કરતી ગરગડીની મદદથી ધીમેથી પાણીની બાલદી કાઢતો હતો.

ભગવી કફનીવાળા સાધુએ 'હવે આપણે મહર્ષિના હોલમાં જઇએ.' એમ કહીને મને એમની પાછળ જવાની સૂચના કરી. હોલની બહારની પથ્થરની ઓસરીમાં ઊભા રહીને મેં મારા બૂટ કાઢી નાખ્યા. ભેટ આપવા માટે આણેલા ફળનો નાનકડો જથ્થો લઇને મેં ઉઘાડા બારણામાં પ્રવેશ કર્યો.

★ ★ ★

વીસેક મનુષ્યોની દૃષ્ટિ અમારા પર ફરી વળી. એ મનુષ્યો રાતી લાદીવાળી જમીન પર અર્ધગોળાકારમાં બેઠા હતા. બારણાની જમણી તરફના દૂરના ખૂણાથી થોડેક દૂર એ બધા માનપૂર્વક ટોળે વળીને બેઠેલાં. અમારા પ્રવેશ પહેલાં પ્રત્યેકની દૃષ્ટિ એ ખૂણા તરફ મંડાયેલી હતી. એદાક ક્ષણ માટે મેં એ તરફ જોયું તો ત્યાં લાંબા સફેદ કોચ પર કોઇક પુરુષ બેઠેલા. એમને જોઇને મારી ખાતરી થઇ કે એ મહર્ષિ પોતે છે.

મારા ભોમિયાએ કોચની પાસે જઇને જમીન પર લાંબા થઇને પ્રમાણ કર્યા, અને બે હાથ જોડીને આંખ ઢાંકી દીધી.

દીવાલ પૂરી થતી હતી ત્યાંની ઊંચી મોટી બારીથી કોચ થોડાંક પગલાં જ દૂર હતો. મહર્ષિના શરીર પર ચોખ્ખો પ્રકાશ પડતો હતો. એમના શરીરને સારી પેઠે જોઇ શકાતું હતું, કારણ કે આજે સવારે અમે જે દિશામાંથી આવ્યા તે જ દિશામાં એ બારીમાંથી બહાર જોતા, દૃષ્ટિ સ્થિર કરીને બેઠા હતા. એમનું મસ્તક સ્થિર હતું, એટલે એમનું ધ્યાન ખેંચવા અને ફળની ભેટ ધરતી વખતે અભિનંદનના શબ્દો કહેવા, બારી તરફ શાંતિપૂર્વક જઇને એમની આગળ મારી ભેટ મૂકીને, એકાદ બે પગલાં પાછાં ફરીને મેં એમની તરફ જોવા માંડ્યું.

એમના કોચની આગળ પિત્તળની નાનીસરખી સગડી હતી એને સળગતા કોલસાથી ભરવામાં આવેલી. એમાંથી આવતી માદક સુવાસ પરથી લાગતું હતું કે અંગારામાં કોઇ સુંગધીદાર દ્રવ્ય નાખવામાં આવ્યું છે. એની બાજુમાં એક ધૂપદાનીમાં એક અગરબત્તી સળગતી હતી. એના ધુમાડાની રેખા ઉપર ઊઠીને હવામાં તરવા માંડતી. પરંતુ પેલી તીવ્ર સુવાસ તો જુદી જ તરી આવતી.



પાતળી સુતરાઉ કામળી વાળીને જમીન પર બિછાવીને હું નીચે બેઠો ને કોચ પર વિચિત્ર રીતે બેઠેલી એ શાંત વ્યક્તિ તરફ આશાપૂર્વક જોવા લાગ્યો. મહર્ષિનું શરીર એના પરના એક નાના પાતળા કટિવસ્ત્ર સિવાય મોટે ભાગે નગ્ન જેવું હતું. પરંતું એવું તો આ બાજુના પ્રદેશમાં સામાન્ય રીતે દેખાતું હોય છે. એમની ચામડી સહેજ તામ્રવર્ણી છતાં સામાન્ય દક્ષિણ ભારતીયની ચામડીની સરખામણીમાં ઊજળી હતી. એ ઊંચા મનુષ્ય છે અને એમની ઉંમર પચાસની અંદર છે, એવું અનુમાન થયું. નજીકનજીક ઊગેલા ભૂખરા વાળથી ઢંકાયેલું એમનું મસ્તક સુદૃઢ હતું. કપાળ ઊંચું તથા વિશાળ હતું અને એમની બૌદ્ધિક વિશેષતા દેખાઇ આવતી. એમનાં લક્ષણો ભારતવાસી કરતાં અંગ્રેજને વધારે મળતાં આવતાં.

કોચ પર સફેદ તકિયા પડેલા હતા અને મહર્ષિના પગ નીચે અત્યંત સુંદર અથવા દેખાવડું વ્યાઘ્રચર્મ પાથરવામાં આવેલું.

હૉલમાં ટાંકણી પડે તોપણ સંભળાય એવી શાંતિ હતી. અમારા આગમનની ખબર ન હોય તેમ સંતપુરુષ સંપૂર્ણ શાંત, અચળ અને એકદમ સ્વસ્થ રહ્યા. એક કાળી ચામડીવાળો શિષ્ય કોચની બીજી બાજુએ જઇને જમીન પર બેસી ગયો. એણે દોરડું ખેંચીને પંખો નાખવાનું શરૂ કરીને ત્યાંની નીરવતામાં ભંગ પાડ્યો. પંખો લાકડાના પાટડા સાથે લગાડેલો અને સંતના મસ્તકની બરાબર ઉપર લટકાવવામાં આવેલો. ત્યાં બેઠેલા પુરુષનું ધ્યાન ખેંચવાની ઇચ્છાથી એમની આંખમાં મારી દૃષ્ટિ સ્થિર કરીને પંખાનો સંવાદી શબ્દ મેં સાંભળવા માંડ્યો. એ આંખ કાળીશી, મધ્યમ કદની અને ખુલ્લી હતી.

મારી હાજરીની ખબર હોય તોપણ એની એમણે ખબરેય પડવા ન દીધી કે કોઇ સૂચના પણ ન આપી. એમનું શરીર એકદમ શાંત અને પૂતળા પેઠે અચળ હતું. એમની આંખ કોઇ દૂરના પ્રદેશમાં સ્થિર થઇ હોવાથી, મારી આંખ સાથે એકવાર પણ ના મળી. એ દૃશ્ય મને કશાકની આશ્ચર્યભરી યાદ આપનારું લાગ્યું. મારા સ્મરણપટ પર સંઘરાયેલાં ચિત્રો મારી આગળ એક પછી એક હાજર થવા માંડ્યાં અને છેવટે પેલા મૌનવ્રતધારી સંતની આકૃતિ મારી મનની આંખ આગળ આવીને ઊભી રહી : એ તપસ્વીની આકૃતિ જેમની મુલાકાત મેં મદ્રાસ પાસેની એકાંત કુટિરમાં લીધેલી અને જેમનું શરીર પથ્થરમાંથી કોરી કાઢેલી પ્રતિમા જેવું અચળ દેખાતું. મહર્ષિના શરીરની અચળતા એની સાથે આબેહૂબ મળતી આવતી.

માણસની આંખ એના આત્માનું પ્રતિબિંબ પાડે છે એવો મારો પ્રાચીન સિદ્ધાંત છે. પરંતુ મહર્ષિની આંખ આગળ હું લાચાર બની ગયો, આશ્ચર્યચકિત થયો ને ગભરાયો.

મિનિટો કહી ના શકાય એટલી બધી ધીમેથી પસાર થવા લાગી. દીવાલ પર લટકતા આશ્રમના ઘડિયાળમાં અર્ધો કલાક પૂરો થયો. વળી વખત વીતવા લાગ્યો અને એક કલાક થઇ ગયો. તે છતાં હૉલમાં કોઇ પણ હાલતુંચાલતું ન દેખાયું અને કોઇએ બોલવાની હિંમત પણ ના કરી. મારી સ્થિર થયેલી દૃષ્ટિને લીધે હું એક એવી અવસ્થાએ પહોંચી ગયો કે કોચ પરની આકૃતિ સિવાયના બીજા બધાનાં અસ્તિત્વ ભૂલી ગયો. એમની આગળ પડેલા લાકડાના નકશીકામવાળા નાના ટેબલ પરનાં મેં અર્પણ કરેલાં ફળ પણ એમ ને એમ જ પડી રહ્યાં હતાં.



એ પુરુષમાં એવું કંઇક જરૂર હતું જેણે, લોહચુંબક જેવી રીતે પોલાદના ટુકડાને ખેંચે તેવી રીતે મારું ધ્યાન ખેંચી રાખ્યું. મારી દૃષ્ટિ હું એમનાથી દૂર નહોતો ફેરવી શક્તો. આરંભનું મારું આશ્ચર્ય અથવા મારી પૂરેપૂરી અવજ્ઞા થઇ છે એવા વિચારને પરિણામે પેદા થયેલી વ્યગ્રતા, વાતાવરણનો અદ્‌ભુત જાદુ મારા પર પથરાવા માંડ્યો તેમતેમ, ધીમેથી દૂર થઇ. એ અસાધારણ દૃશ્યના બીજા કલાકમાં તો મારા મનમાં એક પ્રકારનું શાંત, પ્રતિકાર વિનાનું, પરિવર્તન થઇ રહ્યું છે એવો મને અનુભવ થયો. ટ્રેનમાં કાળજીપૂર્વક તૈયાર કરેલા મારા પ્રશ્નો એક પછી એક પડતા મુકાયા, કારણકે એ પ્રશ્નો પુછાય કે નહિ, અને મને આજ સુધી સતાવતી સમસ્યાનો ઉકેલ થાય કે શાંતિની એક સ્થિર નદી મારી તરફ વહેવા માંડી છે અને વિચારોથી શ્રમિત થયેલા મારા મનને કાંઇક વિશ્રાંતિનો અનુભવ થવા માંડ્યો છે.

બે કલાક પૂરા થયા ત્યાં સુધી ધીમેધીમે વધતી જતી શાંતિનો હું અનુભવ કરતો રહ્યો. વખત વીતવાને કારણે મને કશી ઉત્તેજના ના થઇ, કારણકે મન દ્વારા પેદા કરાયેલી સમસ્યાઓની સાંકળ તૂટવા લાગી દૂર ફેંકાઇ ગઇ એવો મને અનુભવ થયો. ધીમેધીમે એક બીજો પ્રશ્ન મને વીંટળાઇ વળ્યો : ‘ફૂલ પોતાની પાંખડીઓમાંની ફોરમ ફેલાવે તેવી રીતે મહર્ષિ આત્મિક શાંતિની સુવાસ છોડી રહ્યા છે?’

એ અસીમ શાંતિમાં એક પહેલવહેલો પરપોટો પેદા થયો. કોઇએ મારી પાસે આવીને મારા કાનમાં કહેવા માંડ્યું : ‘ તમે મહર્ષિને પ્રશ્ન પૂછવા નહોતા માગતા?’

એવું કહેનાર મારા પહેલાંના ભોમિયાની ધીરજ ખૂટી ગઈ હશે. કદાચ એમણે એવું પણ માન્યું હોય કે મારા જેવા અધીરા અંગ્રેજની ધીરજની હદ આવી ગઈ છે. અફસોસ, મારા જિજ્ઞાસુ મિત્ર ! હું અહીં ખરેખર કહું તો તમારા ગુરુને પ્રશ્નો પૂછવાના ઉદ્દેશથી જ આવેલો. પરંતુ હવે તો... મારી પોતાની સમસ્ત સંસારની સાથે હું શાંતિનો અનુભવ કરી રહ્યો છું ત્યારે પ્રશ્નો પૂછીને મારે માથું શું કામ દુખવવું જોઈએ? મારું આત્માનું વહાણ એની નાંગરવાની જગ્યાએથી આગળ વધવાનો આરંભ કરતું હોય એવું હું અનુભવી રહ્યો છું. એક અદ્ભુત સાગર ઓળંગવાની રાહ જોઈ રહ્યો છું. હવે જ્યારે મેં સર્વોત્તમ સાહસ કરવાની તૈયારી કરી છે ત્યારે દુનિયાના કોલાહલવાળા બંદર પર તમે મને પાછો ખેંચવા માગો છો?

(ક્રમશઃ)

અવળું એટલે નીચે ઉતારે તે, ને સવળું એટલે ઉંચે ચઢાવે તે.

શાંતિથી મરવા ના દે અને જીવવાય ના દે એનું નામ સંસાર.

સરકાર, સમાજ અને ભગવાનના નિયમ તોડ્યા તે અધર્મ અને નિયમ ના તોડ્યા તે ધર્મ.



# એક અભિનવ પારાયણ

**–શ્રી જ્યોત્સ્નાબેન ત્રિવેદી**

પ્રકરણ ૧૨૯ ઉપવાસના અનુસંધાનમાં (૨) પૂ.શ્રી મા :- સાંજના આરતીનો ઘંટ, જાણે વેદનાનો ઘંટ લાગતો ને રાતે વધુ સાધના થતી આ વાત આજે આપણે નોંધમાં વાંચી. અમે પૂ. શ્રી સાથે સતત ચાર સાડાચાર વર્ષ રહ્યાં. અમે જોયું રાતે નવ પછી પૂ. શ્રી કહી દેતા. હવે આજનું બોલવાનું આટલું બસ. તમારે જ વાત કહેવી હોય તે હું સાંભળું છું પણ હવે મૌન. નવ કે સાડાનવે સૂઈ જાય. એટલે કે પલંગ પર દેહ લંબાવે, પણ જાગતા જ હોય. અમને અમારી રોજની નોંધ લખવામાં દસ-સાડાદસ અગિયાર પણ થઈ જતા, પૂ, શ્રી જાગતા જ સૂતા હોય ને પાછા ૧૨ વાગે તો પલંગ છોડી દે. માળા લઈને રૂમમાં આંટા મારે. અમે નોંધ લખીને મોડાં સૂઈએ તો પણ દર કલાકે જગાડે. ખૂબ પ્રેમથી જાગો બોલે, ઊઠાડે જાગો ભાઈ, આપણે ત્યાગ શા માટે કર્યો? અમે કહેતાં થોડીક વાર પછી ઉઠું છું. પાછાં અડધી કલાક થાય એટલે કહે, ચાલો યોગીની બનવાનું છે, ઉઠો મોં ધોઈ નાખો, જપ કરો. એટલે ઉઠાડતા. ૧૨ થી ૪ પૂ. શ્રી આંટા મારીને જપ કરતા. કોઈક વાર ધ્યાનમાં પણ બેસતા. પાછા એકાદ કલાક દેહને વિશ્રામ પલંગ પર આપતા ને પાછા સમય સર ઉઠી જતા. સ્નાન કરીને શીર્ષાસન , કસરત, ગીતા પાઠ, ધ્યાન ને પછી ૮ થી સવા આઠની વચ્ચે દૂધ લે. એક પણ શબ્દની વાતચીત ના થાય. દૂધ લીધા પછી ૮॥ થી ૧૧॥ લેખન કરે. રૂમમાં જ નીચે જમીન પર ધાબળો કે જાડી ચાદર પાથરીને

પલાંઠી વાળીને, પગ ઉપર ઓશીકું મૂકીને પેન શરૂ થાય તે ઠેઠ ૧૧ાા સુધી ચાલે. એ દરમ્યાન પણ એકપણ વાક્યની જરૂર ના પડે. કોઇ વખત પેનમાં શાહી ભરવાની હોય તો તેટલું બોલે.૧૧ાા વાગે લેખન પૂરું કરીને પાછા માળા લઇને આંટા મારે. ૧૨ વાગે ભોજન ને મુલાકાત ને બપોરે ધ્યાનમાં બેસે. ૫-૧૦ મિનિટ પેપર વાંચે ને આવેલી ટપાલ જુએ. સૂર્યની જેમ નિયમિત ક્રમ. રાત દિવસ સતત જાગ્રત-કદી ઊંઘી ગયા હોય કે નસકોરાં બોલે એવું કદી ૪ાા વર્ષમાં જોયું નથી. એવા એ મહાપુરુષને છેક નિકટથી ૨૪ કલાક સતત જોયા કરવાનું સદ્ભાગ્ય મળ્યું છે. એટલે એમણે જે લખ્યું છે, સાંજની આરતી

વેદનાના ઘંટ જેવી લાગતી તે સાચું હશે.

પ્રકરણ ૧૨૭ દૂધ પરના ૩ દિવસ ઉપવાસ,
દૂધ પરના ૪ દિવસ ઉપવાસ.

પ્રકરણ ૧૨૮ દૂધ પરના બીજા ૬ દિન.

પ્રકરણ ૧૨૯ હઠયોગમાં માનો છો?

પ્રકરણ ૧૩૦ માતાજીને અંજલિ
(૨) સાંઇબાબાના સંબંધ.

પ્રકરણ ૧૩૧ સાંઇબાબાના અનુભવો.

પ્રકરણ ૧૩૨ સાંઇબાબાનો અલૌકિક અનુભવ.

પ્રકરણ ૧૩૩ બદરીનાથના ધામમાં.

પ્રકરણ ૧૩૪ માતાજી સરોડા જાય છે.

પ્રકરણ ૧૩૫ ઉપવાસના દિવસોના મનોભાવો.

પૂ. શ્રીમા :- તા.-૨૩-૨-૨૦૧૨.



આજે રામકૃષ્ણ દેવનો પ્રાગટય દિન છે. એ મહાપુરુષ ખુદીરામ બાબા અને માતા શ્રી ચંદ્રમણિ દેવીને ત્યાં બંગાળમાં પ્રગટયા. બંગાળમાં પ્રગટીને વિશ્વમંચ પર અલૌકિક લીલા કરી. તેમના જન્મ પૂર્વેના ત્રણ પ્રસંગો સાંભળો.

શ્રી રામકૃષ્ણાય નમોનમ : ની ધૂન.

પ્રકરણ ૧૩૫ ઉપવાસના દિવસના મનેભાવોઃ- પૂ. શ્રી મા :- ઇંદિરા દેવીનું નામ કોણ કોણ જાણે છે! ચમત્કારો આજે પણ બને છે. ઇંદિરા દેવીને પાર્કીસન નામનો રોગ થયો હતો. ને તેમાં સતત શરીર ધ્રૂજે એટલે બોલતાં નહી, ૨૪ કલાક ઇંદિરા દેવીને અનેક ડૉકટરો પાસે લઇ ગયા હતા પણ એ રોગ ના મટ્યો. ઇંદિરા દેવી એક ઉત્તમ કક્ષાનાં ઉત્તમ સાધક હતાં. એક વાર એમને એક અનુભવ થયો. તેમાં એમને દિવ્ય વાણી સંભળાઇ. તું તારા ગુરુ સાથે ગંગાજી જા. ગુરુનો ટેકો લઇને ગંગાજીમાં ઊતરજે, પણ ચઢતાં કોઇનો ટેકો લઇશ નહીં. આ આદેશ તેમણે તેમના ગુરુ દિલીપકુમાર રોયને કહી બતાવ્યો. એટલે તેઓ ઇંદિરા દેવીને લઇને હરિદ્વાર ગંગાજી આવ્યા. એ રોગ જ એવો હતો એકલા ચાલી પણ ન શકાય. તો ગંગાજીમાં કેવી રીતે ઊભાં રહી શકાય? ગુરુએ ટેકો દઇને ગંગાજીમાં ઊતાર્યાં. ત્યાં જ ગંગાજીના પ્રવાહમાંથી ગંગાજીએ જાતે જગદંબાનું રૂપ ધરીને દર્શન દીધાં. એ દર્શનથી ઇંદિરા દેવી જળપ્રવાહમાં નૃત્ય કરવા લાગ્યાં. મોટે મોટેથી બોલવા લાગ્યાં ઓ મા! તમે પધાર્યાં! ને તે પછી ઘણીવાર સુધી ગંગાજીમાં તે સ્થિર પગે ઊભાં રહી શક્યાં. ચઢતી વખતે તે કોઇના ટેકા વગર ચઢી શક્યાં. ૮૦ ટકા રોગ ગંગાજીનાં આ દર્શનથી, આ

સ્પર્શથી મટી ગયો. ૨૦મી સદીમાં બનેલી આ ઘટના છે. તારીખ વાર સાથે નોંધાયેલી છે એટલે ગંગાજી ચિન્મય છે, એવું ઇંદિરાદેવીએ સિધ્ધ કરી બતાવ્યું છે. એટલે જ ગંગાજી શ્રી ગંગાજી સાક્ષાત છે એમ માનીને સ્નાન કરતાં પહેલાં પ્રણામ કરો. સ્નાન કરતાં કરતાં પણ હસાહસ કે મશ્કરીને બદલે ધૂન કે બાવનીથી ગંગાજીને વધાવો. શ્રી ગંગાજીનો મહિમા કેવો છે! જીવતાં ગંગાજી ના આવી શકે તેનાં અસ્થિ પણ પધરાવો તો મૂક્તિ પામે. એ જળ પ્રવાહની એ તાકાત છે! હજારો લાખો હિંદુઓ અહીં અસ્થિ પધરાવવા આવે છે.

આજે આપણે જેના અસ્થિ અર્પણનું કાર્ય કરવાનું છે તે શ્રી બચુભાઇ એવું કહેવાય છે કે પિતા કદી મૃત્યુ પામતા નથી. દેહ છોડીને સંતાનના દેહમાં રહીને અમર બને છે. સંતાનનો આકાર જ તો પિતાનો પ્રસાદ છે. એટલે દરેક પિતા સંતાનના આકારમાં ઘરમાં રહેવા આવે છે. દેહનાં અસ્થિને ક્યાં સુધી વળગી રહેવું? હજારો દેહ બદલાયા કરે છે. હજારો સંતાનોને મારાં ગણે છે. હજારોવાર લગ્ન કરે છે. ઘર માંડે છે, અનંત જન્મોથી જીવ એક જ વેપાર કરે. જન્મે, પરણે, મૃત્યુ પામે. બીજા દેહે પણ એ જ વેપાર. કોઇપણ યોનિમાં, કોઇપણ દેહમાં એ સતત ઘૂમતો રહે. એટલે આપણે રડવું હોય તો એક જ શરત છે. આ જન્મના પિતાને જ શા માટે રડો! હજારો જન્મના પિતાને શોધી કાઢો ને તેનું પણ રડો. કોણ હતા ૫૦ વર્ષ પહેલાં આપણા પિતા કે માતા? ને પછીના ૫૦ વર્ષમાં કોણ માતા કે પિતા! પડદો પ્રભુ પાડે છે તે આશીર્વાદરૂપ છે. દેહ છોડ્યો હવે અસ્થિ પણ ગંગાજીના ચરણે ધરાવીએ. એક જ દેહને કેટકેટલા સંબંધ છે!



કેટકેટલા માલિક સમજે છે! આ મારા પુત્ર છે. આ મારા પતિ છે. આ મારા પિતા છે, આ મારા ભાઇ છે, આ મારા મિત્ર છે કાકા છે દાદા છે બાપુજી છે. તો હવે ગંગાજી અસ્થિ માટે કહે છે આ મારાં છે. મને પ્રેમથી આપી દો. પૂજા કરીને હસતાં હસતાં મારા હાથમાં સોંપી દો. તમારા સહુ કરતાં હું સારી રીતે સાચવીશ. એમને મુક્તિના પંથે લઇ જઇશ. રડીને અસ્થિ આપતા હોઇએ તો ગંગાજીને કેવું લાગે! સંતાનના દેહના ફૂલને માતા માંગે છે તો પ્રેમથી પૂજા કરીને પ્રેમથી ભજન ગાતાં ગાતાં આપી દો. રડીને દાન કરો તે દાન ના ગણાય. એમનાં પ્રિય ભજનો ગાતાં ગાતાં એમને સોંપી દો. છેલ્લા ૮-૧૦ દિવસથી તે અમારી પાસે છે. સૌની વચ્ચે બેસીને પ્રકાશના પંથે સાંભળે છે. તો હવે આપણી પવિત્ર ફરજ પૂજા કરીને સોંપવાની છે. શ્રી બચુભાઇ તો માના પડોશી છે છતાં અમે કદી બે-પાંચ વાક્યની વાત કરી હોય તેવું યાદ નથી. અમે એક પત્ર આ વર્ષે લખેલો. રક્ષા પણ મોકલેલી. તે પત્ર તેઓ ઘણીવાર વાંચતા, બચુભાઇનું પ્રિય ભજન પૂ. શ્રીનું એક પદ હતું. જેણે તારો રાહ છે ઝીલ્યો કેટલી બધી શ્રધ્ધા એ પદમાં! હમણાં જ અમે એ વાત સાંભળી. માંદગીના દિવસોમાં ઊંઘ ના આવે તો રોજ જ નાદબ્રહ્મ ભજનનું પુસ્તક રાત્રે પણ લાઇટ કરીને વાંચે કે ગાય. ઊંઘ નથી આવતી તેવી કોઇ ફરિયાદ નહીં. ભજનમાં જ રાત વિતાવવી. કેવો સરસ નિયમ! સહજ રીતે પળાતો, પરિવારને પણ મા પાસે આવવાની નિયમિત અનુકૂળતા કરી આપી. એટલે એવા ભજનાનંદી પિતાનાં સંતાનો આજે ભજન ગાઇને જ વિદાય આપશે. (ક્રમશઃ)

# વિવેક જાગે તો—

—પરમાર્થી

*વિવેક જાગે તો વૈરાગ જાગે,*
*વ્હાલાની સંગ દિલ લાગે! —ટેક*

*નારદને મળિયા વાલિયા લૂંટારું*
*'કેવાં રે કર્મ અલ્યા કોને રે સારુ?'*
*શબ્દો બાણ જેવા રુદિયાને લાગે!*
*વિવેક જાગે તો વૈરાગ જાગે!*

*ચિંતામણિએ કર્યાં સૂરદાસના પારખાં,*
*વેશ્યાનો વાસ જાણે થઈ ગયો દ્વારકા!*
*કૃષ્ણ કનૈયો જ્યારે રોમ રોમ જાગે!*
*વિવેક જાગે તો વૈરાગ જાગે!*

*સોનું ને માટીમાં ભેદ નહીં લાગે,*
*ભર્તુહરિ જ્યારે રાજ આખું ત્યાગે!*
*મીઠેરી ભ્રમણા પલભરમાં ભાંગે!*
*વિવેક જાગે તો વૈરાગ જાગે!*



# રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) —શ્રી યોગેશ્વરજી

'થાય છે, પણ કોણ જાણે એ ક્યારે આવે છે! એટલું ખરું કે તારા હૃદયનો સાચો રાગ નિષ્ફળ નહિ જાય. વહેલો કે મોડો એ એને અવશ્ય ખેંચી લાવશે.'

એ જ દિવસે એમને સમાચાર સાંપડ્યા કે બળરામ વૃંદાવનમાં આવવાના છે ને કૃષ્ણ પોતે પણ આવવાનું વિચારી રહ્યા છે.

નંદની વૃંદાવનની ભૂમિને પવિત્ર કરવાની પ્રાર્થનાને છેવટે એમણે લક્ષમાં લીધી એ જાણીને વૃંદાવનમાં સર્વત્ર આનંદ આનંદ થઈ રહ્યો.

સમસ્ત વૃંદાવન એમના સુયોગ્ય સ્વાગતની તૈયારી કરવા લાગ્યું.

ગોપગોપીઓને જાણે નવજીવન મળ્યું.

રાધાની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

સુપ્રિયા પણ પરમસુખમાં ડૂબી ગઈ.

એણે રાધાને કહ્યું પણ ખરું :

'જેના શુભાગમનના સમાચાર આટલા બધા આનંદમય છે એનું આગમન કેટલું બધું આનંદકારક હશે? એના આગમનથી વૃંદાવન ધન્ય બની જશે. એ એને માટે આશીર્વાદરૂપ થશે. સુકાયલી સરિતાઓ જેમ ફરીવાર પાણીથી ભરપૂર બની જાય તેમ આપણાં જીવન પણ રસભર્યાં બનશે. આપણા જીવનમાં એ નવી ક્રાંતિ કરશે.

રાધા ભાવવિભોર બનવાથી કશું ના બોલી. કશું પણ ના બોલી શકી.

કૃષ્ણમિલનના ભાવિ પ્રસંગની એ કલ્પના કરવા લાગી.

એ કલ્પના કેટલી બધી સુખદ હતી?

આખરે એ ઉત્સવપળ આવી પહોંચી.

કૃષ્ણ અને બળદેવ વૃંદાવનમાં આવી પહોંચ્યા.

એમની સાથે ઉદ્ધવ પણ આવેલા.

અક્રૂર એમના રથના સારથિ બનેલા.

કેવું અદ્‌ભુત, અસાધારણ અને આનંદમય દૃશ્ય?

ગોકુળ, વૃંદાવન અને ગોવર્ધન તેમ જ એની આજુબાજુના વિસ્તારની પ્રેમાર્દ્ર પ્રજાએ એમનું અસાધારણ સ્વાગત કર્યું.

વૃંદાવનમાં મહામેળો ભરાયો. રસની રેલ આવી.

કૃષ્ણ ને બળરામના જયજયકારના મંગલ ધ્વનિથી આખું વાયુમંડળ ભરાઇ ગયું, સજીવ બની રહ્યું.

કૃષ્ણનાં દર્શન માટે નંદના રાજપ્રસાદના પ્રાંગણમાં વિશાળ જનમેદની એકઠી થઇ.

કૃષ્ણે સૌની સાથે સ્નેહપૂર્વક વાતો કરી. પ્રજાના પ્રેમી તેમ જ પ્રતિનિધિ તરીકે વૃંદાવનમાં વિચરીને સૌને મળવા લાગ્યા.

લેશ પણ વિલંબ વિના એ સુપ્રિયાને મળ્યા અને એને લઇને રાધા પાસે જઇ પહોંચ્યા.

રાધા કૃષ્ણને જોઇને ગદ્‌ગદ બની ગઇ.

લાંબા વખત લગી લોચનમાં અશ્રુ વહાવ્યા પછી એ બોલી :

'આખરે તેં મને યાદ કરી ખરી!'

'હું તને કદી ભૂલી શકું ખરો? તને એવી કલ્પનાઃ પણ



આવી શકે છે?' કૃષ્ણે એ જ ચિરપરિચિત સુમધુર સ્મિત સાથે પૂછ્યું.

'કલ્પના તો નથી આવતી, પણ તેં મને ઘણે લાંબે વખતે યાદ કરી એ તો સાચું જ છે.'

'એવી એક ક્ષણ નથી, રાધા! કે જ્યારે તને મેં યાદ ના કરી હોય. મારા જીવનના પાર વિનાની પ્રવૃત્તિઓથી ભરેલા વાતાવરણમાં પણ મને તારું વિસ્મરણ નથી થઇ શક્યું. તારા પ્રબળ અને પવિત્ર પ્રેમે મને વારંવાર પ્રેરણા પૂરી પાડી છે. જરાસંઘના આક્રમણના ભયથી મથુરાને મુક્ત કરવા હું બળરામ સાથે દ્વારકાની દિશામાં ચાલી નીકળેલો ત્યારે પણ ઉદ્ધવને કહી ગયેલો કે રાધાને સઘળા સમાચાર આપીને કહેજે કે કોઇ વાર મળીશું. ઉદ્ધવને એ પછી પરિસ્થિતિવશ એ સમાચાર આપવાનો અવકાશ ના રહ્યો પરંતુ છેવટે આપણે મળ્યાં છીએ.'

સુપ્રિયાએ પૂછ્યું :

'એ મળવાનું પણ વિખૂટા પડવા માટે જ છે ને?'

'શરીર વિખૂટાં પડશે તોપણ આત્મા કદી વિખૂટા નહિ પડી શકે. મારો ને રાધાનો આત્મા એક થઇ ગયો છે. ખરું ને, રાધા?'

રાધાએ અનુમોદન કર્યું એટલે કૃષ્ણે કહ્યું :

'પરંતુ તારું શરીર સાવ સુકાઇ ગયું છે!'

'શરીર કદાચ સુકાઇ ગયું હશે તોપણ આત્મા નથી સુકાયો.' રાધા બોલીઃ 'આત્મા તો અહર્નિશ અવનવો બનતો જાય છે. તું તો મથુરા જઇને સુખમાં પડ્યો એટલે તારું શરીર સારું થયું છે. એ જોઇને મને આનંદ થાય છે.'

'તને કોઇ વ્યાધિ કે દુઃખ છે?'

એના ઉત્તરમાં રાધા શાંત રહી પરંતુ સુપ્રિયા બોલી :

'એનો વ્યાધિ કે એનું દુઃખ એક જ છે : તારો વિયોગ. એની ઊંડી વ્યથાથી જ એ આટલી બધી સુકાઇ ગઇ છે : હવે વૃંદાવનમાં જ વસી જા એટલે એ સદાને માટે સ્વસ્થ બની જાય. અમે પણ નવજીવનની પ્રાપ્તિ કરીએ.'

કૃષ્ણે લાગણીભરેલા સ્વરે જણાવ્યું :

'વૃંદાવનમાં તમારા બધાની વચ્ચે વસવાનું મન તો મને ઘણુંયે થઇ આવે છે અને એમ પણ થાય છે કે તમારી સૌની સાથે પહેલાંની પેઠે વિચરણ કરું. રાધાના સુખદ સહવાસને છોડવાની ઈચ્છા મને સ્વપ્નમાં પણ નથી થતી. એને જોતાં મારાં લોચન, મારું મન અને અંતર નથી ધરાતું. એના સુધાસભર શબ્દોને સાંભળતા રહેવાની ઈચ્છા થયા કરે છે. પરંતુ એની સંપૂર્ણ પૂર્તિની શક્યતા આ જન્મમાં નથી લાગતી.'

'કારણ?' રાધા પૂછ્યા વિના ના રહી શકી.

'કારણ એ જ કે મારો જન્મ સમાજની સેવા, શાંતિ, સુખાકારી તથા સમૃદ્ધિ માટે છે. એનો મુખ્ય ઉદ્દેશ એ જ છે. એની સિદ્ધિ માટે મારે ઠેરઠેર વસવું કે વિચરવું પડશે, અનર્થકારી આસુરી શક્તિઓની સામે મોરચો માંડવો પડશે, ને એમનું નિકંદન કાઢવું પડશે. કેવળ અંગત સુખશાંતિનો કે રુચિઅરુચિનો વિચાર કરીને બેસી રહેવાનું મારા નસીબમાં નથી લખાયું. મને તારે માટે પ્રેમ છે, રાધા! અતિશય પ્રેમ છે, તોપણ મારે મથુરા તો જવું જ પડશે.'

રાધાની આંખ ટપકવા માંડી. એ બોલી :

'તારા મથુરાગમનના માર્ગમાં હું પહેલાં પણ નથી આવી અને હવે પણ નહિ આવું. તારી ઈચ્છાનુસાર તું મથુરા જઇ શકે



છે. તને યાદ કરીને હું તારી આરાધના કરતી રહીશ ને વચ્ચેવચ્ચે તારા સમાગમનું સુખ પામીશ એટલે થયું. હું તારી જ હતી, છું,' ને તારી જ રહીશ. હા. આજે મને એક સંકલ્પ સૂઝે છે.'

'કેવો સંકલ્પ?'

'મને થાય છે કે તારું જીવન સમાજની સેવા માટે છે તેવી મોટી સેવા તો મારાથી નહિ થઇ શકે પણ જેવી બને તેવી સમાજસેવા કરીને હું પણ મારા જીવનને ધન્ય બનાવું.'

'સેવા? સમાજસેવા? તારી પાસેથી પ્રેરણા પ્રાપ્ત કરીને હું સમસ્ત સમાજની સેવા કરું છું. તારી દ્વારા થનારી એ મૂક સેવા કાંઇ ઓછી નથી. એનું મૂલ્ય ઘણું મોટું છે. એ વિશિષ્ટ સેવાએ તારા જીવનને ધન્ય કર્યું છે. એ સેવાને કરતી રહે એ આવશ્યક છે.'

રાધા બોલી :

'એ સેવા તો તું જાણે, પરંતુ સમાજમાં-ગોકુળ, વૃંદાવન અને ગોવર્ધનના આ વિશાળ વિસ્તારમાં જ સેવાની કેટલીય તકો છે. અહિં અનેક દુઃખી છે, વ્યાધિગ્રસ્ત છે, ભાતભાતની ચિંતામાં સપડાયલા છે, અને એમની સમસ્યાઓ પણ અનેક છે. મોટા ભાગની પ્રજા સુખી ને સમૃદ્ધ હોવા છતાં દુઃખી તેમ જ પછાત આત્માઓની પણ અછત નથી. એમની મારી રીતે શક્ય તેટલી સેવા કરું, ગોધનની સંભાળ રાખું, ને સૌને તારો સર્વહિતનો સંદેશો સંભળાવું, એથી અધિક આનંદ બીજો ક્યો હોઇ શકે? તું બહાર રહીને સેવા કરે ને હું અહીં રહીને કરું. એ એક અણમોલ આરાધના જ થઇ રહેશે.' **(ક્રમશઃ)**